નવિન કૃત રશિક વાર્તા.

નામે.

પદ્દમણી.

ભાગ ૧ લો.

પ્રીતીમાં પૂર પદ્દમણી, નીતીવંતિ નાર.
વાંચો નર પ્રેમે અતિ, મધુરીનો મન પ્યાર.

રચનાર—આર. એફ. એમ.

છપાવી પ્રસિદ્ધ કરનાર. ગુલાબદાશ દયારામ મેહેતા.



"બોદાબક્ષ" પ્રેસ એમ. જે. પોઠવાલાએ છાપ્યું છે.

ત ૧૯૪૮. સને ૧૮૯૨.

કિંમત ... આના.

૪૮૩૭

નવિન કૃત રશીક વાર્તા.

નામે

પદમણી.

29 JUL 2010

દોહરા.

પુરૂષ વ્હાલી પદમણી, નારી પ્યારી મંન;
ચતુર ચંચલ એ-ધણી, જગે જેથોડું અંત.
રૂપ ગુણની ગુલછડી, રમણુ-ગમણુ ગુલનાર;
ચગન પમાડે પુરૂષને, જોતાં તેનો પ્યાર.
કુલીન ઘરની કામની, નાગ એઅદા પેર;
પ્યારે પાડશું પદમણી, લાડે આવે લ્હેર.

DIGITIZED

પ્રકરણ—પેહેલું.

એક ચાર માળની હવેલીના વચલા ખંડમાં તેરવરસની ઉંમરમાં આવેલી સ્ત્રી ઓરડીમાં નાહી હાથમાં ટુવાલ લઈ અંગ લુછતી બહાર આવી. ખુલ્લાં શરિરને વારંવાર નિહાળી ઉન્મત્ત થતી હાથમાનો ટુવાલ કોચ ઉપર ઉરાડી મુક્યો, અને ઘડીવાર પોતાના નગ્ન શરિરને જોઈ રહી. જોતાં જોતાં વિચારમાં વિંટલાવવા લાગી. હુંકારમાં આવી, છાતીપર હાથ ફેરવી, હાથ લાંબો કીધો "કોણ ભાગ્યશાળી મારા પ્યારનો લાભ કરશે?" એક મદનનાં જોરનાં મોઢેથી બકીગઈ. દેહનું ભાન રહ્યું નહીં. શરિર ભારી થઈ માથુ ચઢી આવ્યું અને આખા અંગની રગે રગમાં રૂધીરનું પાણી થતું હોય એમ મનને ભાસવા લાગ્યું, પણ છેવટે ભાનમાં આવી ખુરશીપર[illegible] રેશમી સાડી લાંબો હાથ કરી ખેંચી પેહેરવાને [illegible] એક છેડો દાંતમાં દબાવ્યો. જબરા વિચારમાં [illegible]ડીનાં ઉપર વણેલાં ફુલો ભારી ભારી જેવા [illegible]દર ઉપર ચળકાટ થતાં, તેની ચુંપી

રહી નહી, અને તેનાં ઘરનો ઘાટી એકદમ ઉપર ચઢી આવ્યો. વાસેલાં બારણાં જોરશોર ઠેલ્યાં કે તુરત અંદરની અસગી દીધેલી સાંકળ ઉખડી ગઇ. બારણાં ખુલી ગયાં અને ઘાટી ઘસારા ભેર અંદર દાખલ થવા લાગ્યો.

ઘાટીને દાખલ થતાં જોઇ ઘણીજ ઘભરાઈ અને કોચ તરફ લંપાઈ જતાં સુધ્ધીમાં આવી શરિરને સાડી વિંટાલતા ગુસ્સે થઇ બોલી—"પીટ્યા અંદર ના આવાશ?" દક્ષણી ઘાટી બાઇના બોલનો અર્થ ઉંધો સમજી તે તરફ ઝડપ જવા માંડયું, પણ નગ્ન શરિરે કોચ તરફ લંપાતી બંને હાથ ખભા દબાવી સરમાતી ઊભેલી જોઈ ઘાટી દીંગ બની આંખો પાછી ફેરવી. પોતાથી ન જોયું જોવાયું તેનો પ્રશ્ચાતાપ ! કરતો તુરત નીચે ઉતરી પડયો અને શરમીંદો બની ઘણીવાર સુધી એક ખુણામાં દબાઈ રહયો. શેઠાણી નીચે બુમો પાડતી હતી તેને ઉત્તર આપવાને ઘાટીમાં હામ રહી નહીં અને હવે શું થશે તેનો વિચાર કરતો બહાર આવ્યો. શેઠાણીના સોંપેલા કામનો જવાબ આપતાં જીભ ખેંચાઈ. આથી શેઠાણી મણી કરોધમાં આવી તેણે પેરામણી આપવા લાગી તોપણ ઘાટી બંદો એક પણ સબ્દ મોઢામાંથી કાઢયા શિવાય આડાકાન કરી સાંભળ્યાં કર્યું અને છેવટે ત્યાંથી પરશાળમાં ગયો.

ઘાટીનાં પાછા ફર્યાં પછી ઘણીજ પસ્તાવવા લાગી અને તુરત બારણાં બરાબર પાછા વાસી દીધાં. શરિરને ઢાંકવા મંડી. સોચો કરી નાંખેલી સાડી ચોકસ રીતે કલ્લી વાલી પેહેરી ઊંડા વિચારમાં પોતાનું મન નાંખ્યું, પણ મનને વસ કેમ રાખવું તેનો અનુભવ નિતીનાં પુસ્તકો પરથી મેલવ્યો હતો, જેથી તને થોડા વખતમાં એક ઉત્તમ સાંધણુ પોતાના દિલમાં ઠસાવી ટેબલ ઉપર પડેલા બે પત્રને હાથમાં લઈ સરખાવવા લાગી. "કોની સાથે લગ્નની ગાંઠ બાંધવી. કોની સાથે નહીં બાંધવી અને બે માંગામાંથી કોને પસંદ કરવો" એવો એક કલાક સુધી વિચાર કર્યો, છેવટે લાચાર થઈ પાસેની ખુરસીપર [illegible] માથુ નાંખી બેસુધ્ધ જેવી પડી રહી.

(ખાનગી રીતથી મોટી મુસીબતે આવે આવીલા મદસ્થના હતાં, જેમાં એક "

પારેખનો" અને બીજો પત્ર "પ્રાણલાલ પ્રાણજીવન મુખત્યારનો" હતો. આ બે પત્રના લખાણો એક સરખી રીતના અને એકજ મતલબના દિસતાં હતાં.)

સુબુધીમાં આવી મોટી ગુંચવણમાં પડી મનના તુરંગો વારંવાર છાતીએ ચઢી આવવા લાગ્યા અને બડબડવા લાગી. "પ્રાણલાલને વરશું તો ઠીક થશે, કેમકે એ તો મારે માટે પ્રાણેજ અર્પણ કરશે." અને ઘડીમાં "મણીલાલ શું ખોટો છે, એના નામ પ્રમાણે તો એ એક મણીની ખાણ જેવોજ હશે." આવાં આવાં વિચારમાં એક ઘેલી જેવી બની ગઈ પણ જેટલા વિચારો બાંધે એટલાં વ્યર્થ જતાં અને દેહનું ભાન ભુલી ખુશીના આવેશમાં આવી ગાંડી જેવી ગાવા લાગી.

રાગ માઢ.

ભુલી ભુલી હું દેહનું ભાનરે, એક સુરજ બીજો ચાન;
એક સ્વામિ વિના હેરાનરે, કરૂં કોને મારો પ્રાણ—ટેક.

પત્ર આવ્યાં છે પ્રેમના, કંઇ મધ રસ મુખમાં સાર,
સરખી જોડી શોભતી કરૂં, કોને હૈયાનો હારરે.—એક.

ઘડાં ભર્યાં છે નીરનાં, ને માપ મહી મન પૂર,
દેસ થકી તો ઉંધા વળે, છે બંનેના સરખા નૂરરે—એક.

જલ માછીની બે પડી અહીં, એક તડપતી નાર,
તીરે ઉભા તપ કરે નર, આપુ કોને મુજ પ્યારરે—એક.

ઘેલી કરી છે આજ વિચારે, શીરપર ફરતું પાપ;
પણ ધારૂં એક તર્કથી હું, લેતું બંનેનું માપરે—એક.

"આહા! એમજ કરૂં" પોતાના દિલ સાથે વાતો લબાવતી એક લટકભેર ઉભી થઈ અને બે પત્ર ફરી વાંચવાની આતુરતાથી ટેબલ તરફ જઈ સોડ્યામાંથી હાથ લાંબો કરી એક પત્ર ઉપાડ્યો અને આનંદથી બે હાથ પોહોળા કરી બને હાથની આંગલીઓ વચ્ચે ઝાલી પત્રને દબાવ્યો; ખુરશી આગલ આવી [illegible] વાંચવા લાગી:—

પ્રાણથી અધિક પ્રિય પદમણી.

આજથી ત્રણ માસ ઉપર મેં તને મારાં ભાઈના લગ્નમાં જોડ કન્યાના ગીતો ગાતી વખતે જોઈ હતી, ત્યારથી મારાં હૃદયમાં તારી કાન્તી એક બરછીની માફક ખુંચી રહી છે, પણ સંસારની લજ્જાએ કરી આજસુધી પત્ર મોકલવાની મને ટક મળી નોહોતી, જેથી મારા ધારેલા વિચારને કેદીની માફક બંધ થયલા સમજતો હતો. છેવટે મને ખબર મળી કે રાધુ ધાટી તારી હજુરમાં કામ કરે છે ત્યારે મારાં વિચાર કેદમાંથી છુટી તારી તરફ આજ રોજ અતિ હર્ષથી રવાના થયાં છે તેને પ્રીય ગણી માન આપિશ.

મેં તારી ખુબસુર્તિ અને સ્વછતાં ઉપર લીન થઈ દીલ સાથે નક્કી કર્યું છે કે તારી સાથે સગપણ બાંધી સંસારની સોભામાં તને એક ઉત્તમ ગણી સદાકાલ સુખસંપથી લ્હાવો લેવો એવી મારી મનોમનની માંગણી છે. માટે મને પુર્ણ આસા છે કે આ એક ઉમેદી ફળ તુરત તારાં પેટમાં ઉતારી ખુશી સાથ મારી માનીતી થઈશ.

પ્રીય! રાજીખુશીનું સગપણ આપણી ગ્નાતમાં કવચિતજ બને છે અને તે અભ્યાસી, અનુભવી તથા સ્ત્રી પુરૂષની કેલવણીથીજ એવી ગાંઠ બંધાવાનો પ્રસંગ આવે છે. માટે મારો પત્ર લંબાણમાં નહીં વધારતાં ટુંકમાં એટલુંજ લખી તારા નેત્રને તસ્દી ન આપતાં મારૂં મન તૃપ્ત કરવા તારી ઈચ્છાનો પત્ર આનંદથી જોવા આતુર છું.

સૂર્યપૂર–શોનીફળિયું. }
તા. ૧૮–૭–૮૮, }

લી. તાહરા પ્રત્યુત્તરની આશા રાખનાર
પ્રાણલાલ પ્રાણજીવન સુખત્યાર.

પત્ર વાંચ્યો. ઘડીક વિચારસ લાગી, પણ પોતાનું મન સ્થિર રહ્યું નહીં અને પત્રની લીટીઓ ગણતી ગણતી ઉભી થઈ ટેબલ આગલ જઇ પ્રાણલાલનો પત્ર કંચુકીમાં દબાવી બીજો પત્ર ઉપાડ્યો. હાથમાં લઈ પેહલાતો એક નાદાન અણસમજુ બાળકની માફક તે પત્રને હોઠની ધારોમાં દબાવી તેના ઉપર આં ગલીના ટકોરા મારતી કાચ આગલ આવી, મોટા ટકીઓ ઉપ ડી ગલ્લો ચોડ્યો અને તેની સાથે ... ટકીઓ રૂપી

ચતીપાત સુતી. આ પત્ર કંઈ વધારે પ્રીય લાગતો હોય એમ તેને ગાલ ઉપર ફેરવતી અને ઘડીકમાં છાતીપર ફેરવતી, પણ "મનના તુરંગો એક ઊડતાં પક્ષીની માફક છે." એવો વિચાર છાતીએ આવ્યો કે તુરત હુંશીયાર થઈ બેઠી અને હાથમાંનો પત્ર બરાબર ખુલ્લો કરી વાંચવા માંડયો:—

કુલિનતાની પવિત્ર મુર્તી પ્રાણપ્રિય પદમણી,

જોગ જત લખવાને મારી મનોવૃતી આજ લાંબો વખત થયાં તારાં ગુલાબ જેવા શરિરપર શોચતી હતી, પરંતુ મારો મોટાં વજનનો પત્ર આજ સુધી કોઈ પણ ઉચકીલાલવાને સમર્થ ન હોવાથી ઘણા દિવસ થયા એક ભુતની માફક ફાંફાં માર્યાં કરતો હતો, પણ નશિબના જોરે જ્યારે તારો ખાનગીદાર ઘાટી મારે ત્યાં તારા પિતાના કામસર આવ્યો ત્યારે મારી છાતી સવાગજ બહાર આવી અને મેં તેને બનાવટ ઓળખી ઈશારતે ઉપર બોલાવ્યો. પ્રિય તારો ચંચલ ઘાટી તુરત ઊપર આવી નમન સહિત ઉભો રહયો. આ વખત મેં તારી ઊપર મોકલવાને લખી રાખેલો પત્ર ફરીથી ફેર કરી તારા ઘાટીને તારાજ હાથમાં પોહોંચાડવા ફરમાવ્યું, માટે આશા છે કે મારા પત્રપર પુરતું લક્ષ આપી મારી પણિયત થવાનો પ્રત્યુત્તર આપવા ભુલીશ નહીં.

વહાલી! મારા પ્રાણલાલ મીત્રને ત્યાં લગનમાં ફક્ત એકજ વખત તારો સુ-શોભીત દેખાવ મારી નજરે પડયો હતો. ત્યાર પછી દેખાયો નથી, પણ સ્વપ્નામાં તને વારંવાર મારી પાસે ઉભેલી જોઊં છું, જેથી મને સંપૂર્ણ આશા છે કે તું લગનની વાત કબુલ રાખી તારાં માતપિતાની નાખુશીથી સદાની સૌભાગ્યવંતી થઈશ.

પ્રિય! હવે શું લખું તે સમજ પડતી નથી, પણ તારો ઉત્તર આવ્યે સઘલી રાતનો ખુલાશો લખીશ. માટે તારા નેત્રને ઝાઝી મેહેનત નહી આપતાં પત્ર બંધ કરૂંછું.

સુર્યપૂર-સગરામપુરા } તારો સદાનો સાથી થવા ઇચ્છનાર
તા० ૧૯-૭-૯૮ } મણીલાલ મોહનલાલ પારેખ.

પત્ર વંચાઈ રહયો, વાંચતાં વાંચતાં ઘડીવાર આંખો વિંચાઇ ગઇ અને હાથમાંનો પત્ર જમીનપર પડીગયો તેનું ભાન રહ્યું નહીં. પવનનાં સપાટાથી પત્ર ઉડવા લાગ્યો અને કોચની નીચે પેટીનાં થડમાં ભરાઈ ગયો થોડી પલ જતાં પારોના ઓરડામાં ખડભડાત થવાથી જાગ્રત થઇ આભાસ મરડી બેઠી. બબડવા લાગી. શું બબડતી હતી તેનું પોતાને પણ ભાન રહ્યું નહીં અને આગલા વિચારમાં અટકાતી સુધ્ધીમાં આવી, ટેબલ પાસે ખુરશી ખેંચી પત્ર લખવા તતાર થઈ. ગંભીરતાથી પત્રમાં કોણે પ્યાર વધુ દેખાડવો અને કોને કમી દેખાડવો તેની સમજ એક પુસ્તક ઉપરથી મલી આવી, તેથી ઘણીજ સ્હેલાઈથી પત્ર લખવા સરૂ કીધા. કાગજપર બે સબ્દ લખતી અને હોઠપર આંગલી રાખી લાંબા વિચાર લંબાવતી હતી.

રાઘુ ઘાટી આસ્તે આસ્તે ભયનો માર્યો ઉપર આવવાં ઉંદરની માફક ડોકીયાં કરતો ઓરડામાં દાખલ થયો અને નમનતાઈથી બાઈને ભોજન શાળામાં પધારવા અરજ કરી, સરમાતો ભય ભરેલી રીતે એક બાજુ ઉભો રહયો. ગઇ પલનાં દેખાવથી રાઘુ ઉપર બાઈ ઘણી ક્રોધમાં આવી તેની સામું ઘુરકતી હતી, પણ મતલબનાં અરથે રાઘુ ઘાટીને એક હુંકારો પણ કર્યા શિવાય તેને એક બાજુપર બેસાડયો.

યોગ્ય પ્રમાણે બે પત્ર બે નકલ લખી .તેને સુંદર પડબિડયામાં નાંખી, ગુંદરે ચોંડી, શીરનામું કરી રાઘુને પાસે બોલાવ્યો અને તેને બરાબર પોંહચાડવાની સમજ આપી કેમકે રાઘુ કંઇ ગુજરાતી જાણતો નોહતો તેથી એક પત્ર ગજવામાં મુકાવ્યો અને બીજો પત્ર ટોપીમાં રખાવ્યો. પુરતી રીતે પત્ર આપવાની સમજ લઇ રાઘુ ત્યાંથી ખુશીભેર નીકલી ચાલ્યો. રાઘુનાં ગયાં બાદ પોતે મોકલેલાં પત્રોની નકલો રાખી હતી તે એક ફાઇલમાં મુકી અને બે પત્રમાંથી એક કંચુકીમાંથી કાઢયો અને બીજાની સોધ કરી પણ તે મલ્યો નહીં તેથી દિલગીર થતી ફાંફાં મારવા લાગી. આડું તેડું જોતાં કોચ નીચેથી બીજો પત્ર મળી આવ્યો તે ઠેકાણે મુકી પોતે ભોજન શાળામાં ગઇ.

પ્રકરણ—બીજું.

દોહરો.

ચાર પ્યારછે નારનો, ચાર સાર વિચાર;
ખાર ભાર એ મારનો, પ્યાર નાર શીરદાર.

અંગ્રેજી બાંધનીનું બંગલા ફેશીન નવુંજ મકાન બંધાવેલું હતું, જેમાં આજ ચાર વર્સ થયાં એક સુખી કુટુંબ પોતાનાં વસ્તાર સહિત આનંદથી દિવસ ગુજારેછે. મકાનની બહારની બાજુએ ફુલાવર કાચથી મઢી લીધેલું કમાનદાર છજ્જુ ઘણીજ શોભા આપતુ હતું અને બાહારનો રવેશ ઘણોજ આગળથી નીકળેલો હોવાથી સોભાયમાન દિસતો હતો. અંદરની બાજુએ ઉમદા કારીગરીથી ચીતરેલી, દીવાલોમાં વેલો પાડેલી હતી અને તેની નીચે લાકડાની લાંબી પતી જડી ફરતાં ટકતાંઓ બેસાડી દીધાં હતાં ચારે તરફ દીવાલની નીચેની સાઇડમાં નાની રમણિય કબાટો જડાવી હતી, તેમાં એક તરફ ખુરશીઓની હાર માંડેલી અને બીજી બાજુએ ગલીચા બીછાવી, બોંયપર ગાદીનાંખી તે ઉપર ધોયલી ચાદરો પાથરેલી હતી. પાસેનો ઓરડો આ ઓરડાથી વધુ દિપક આપતો, કેમકે તેમાં દરેક અંગ્રેજી ફાસીનનું કામ કરાવેલું તથા વીલાયતી ઝુમરોનો સનંગાર આપેલો હતો વળી ગોળ આકારની ટેબળ વચમાં મુકી હતી, જેને દીવાનખાનાનું નામ ધારણ કરયું હતું અને તે દરેક ખંડથી ન્યારૂંજ દીસતુ હતું.

એ દિવાનખાનું પ્રાણલાલનાજ સ્વાધીનમાં તેનાં પિતાનાં પિતા તરફથી થયું હતું, જ્યાં તે હમેશા પોતાનો વખત ગુજારતો અને અંગ્રેજી પુસ્તકોમાંથી ત્રાન્સલેસન કરી તેને ગુજરાતીમાં ઉતારી અભ્યાસમાં ઉમેરો કરતો હતો. આપ્પમાં દિવસનો કંટાલેલો વાંચેલા પુસ્તકો ઉંચા મુકી પોતાના મિત્રને પત્ર લખી રવાનાં કરવાની કોશેશમાં હતો એટલામાં એક ઘાટી તેનાં દીવાનખાનામાં દાખલ થયો અને પોતાની ભાષામાં નમનતાઇથી પત્ર અપવા લાગ્યો. પ્રાણલાલ ચેતી ગયો. "જવાબ આવ્યો ખરો" ખુશીની સાથે કહ્યું—"આ પેલી ટેબલપર મુક!" ઘાટી પત્ર

સુધી ચાલતો થયો અને પ્રાણલાલ પોતાનાં મિત્રને પત્ર બીડી ઉભો થયો ખુશીસાથે ટેબલપરથી પત્ર હાથમાં લઈ ઝડપ ફોડી તેને ખુલ્લો કરી વાંચવા લાગ્યો. એકલીટી ઉપરનીજ વાંચતાં વિસ્મય થયો અને પહેલું પડબીડયું લઇ શીરનામું વાંચી વિચારવા લાગ્યો. ઓહો! મણીલાલ તું પણ પદ્મણીને હાથ કરવા ધારે છે શું ?! વાહ! પણ મણીલાલનો પત્ર મને આપી જવાનું શું કારણ, શું તેણે બે પત્રતો નહીં લખ્યાં હોય; પણ પદ્મણીનાં ફુલને એ પોહોંચવાનોકે એ દાહયો થઈ એની શાથે લગ્ન કરવા તઈયાર થયો. તેશું પદ્મણી હા કહેશે કદાપી નહીં અને કદી હા કહે તો પણ શું થયું, પાછી એનાં પિતાનીતો મરજી હોવી જોઇએ? પણ તે ક્યાંથી બને. નહીં-નહીં-નહીં, એ વાત સ્વપ્ને પણ બને એમ નથી. એ મણીઆનું ફુલ શું ને વાત શી. તે બીચારી ભોળી સ્ત્રીને તે ક્યાંથી ખબર હોય! અરે! પણ એનો પત્રતો વાંચી જોઉં કે એમાં શું સાર આપ્યો છે, એવા ખ્યાલ લાવી પ્રાણલાલે ટેબલ પરથી પત્ર ઉપાડયો અને બળતાં ઉરે વાંચવા માંડયો.

પ્રિય મણીલાલ,

તમારો પ્રેમાળ પત્ર મળ્યોજ વ્હાલો લાગે છે, તેમ તમારી લખવાની સભ્યતા અને સાલસગીરીથી મારૂં હૃદય ઠંડુ થઈ તમારી સદાની થવા મારે વિચાર છે અને પિતાજી-ની આજ્ઞા મળવે મારો પુરો વિચાર તમને અતિ આગ્રહથી દર્શાવીશ, માટે હાલ મારા ઉપર કૃપાદ્રષ્ટે વધુ માનથી પત્ર લખવા તસદી લેશો નહીં.

બીજુ આપને વિનંતીથી લખવાનું કે તમારી પડાવેલી છબી હોય તો મોકલી આપશો. હું તમોને બરાબર ઓળખતી નથી. પણ પત્રની જુસાસાએ મારૂં અંતઃકરણ આપણી તરફ ખેંચાતું છે.

સુર્યપુર—હરીપુરા. } લી૦ તમારી છબી નિર્ખવા આતૂર.
તા૦ ૨૦—૭—૯૮. } પદ્મણીના પ્રણામ.

પત્ર વાંચી રહ્યો અને ઘણોજ દલગીર થવા લાગ્યો—શું મારા ઉપર એને પત્ર નહીં લખ્યો હોય, અને મારા પત્રનો જવાબ, નહીં આપ્યું હોય! પણ એમતે બનેજ, નહીં.

ઉપર નહી લખ્યો હોય ત્યારે ઘાટી મારે ત્યાં આવેજ શાનો. હા હવે મને સમજ પડી કે મણીઆનો ને મારો પત્ર સાથેજ પો-હોંચ્યો હોશે જોઇએ અને જવાબ પણ સાથે મોકલ્યા હશે. આ-મા તો ફકત ઘાટીનીજ ભુલ થઇ છે. ખેર ! જેવું હશે તેવું થશે." આંખોના ભમર ચઢી ગયા, રોમેરોમના રૂવાં ઉભાં થયાં અને એક વાઘની માફક ઘુરકતો પત્રને જોઇ રહયો. છેવટે ધિક્કારથી મુખમાં હસવા લાગ્યો. "ઓહો! શું એક કાગડો એક કબુતર સાથે ગેલ કરશે? એક શશલું સિંહનાં કોતરમાં ફરવા જશે ? તેમ આ મણીઓ બડાઇ મારી આ બુલબુલને હાથ કરવા લાગ્યો છે તે શું હાથ આવશે? એમાં તે શું જ્ઞાન બળ્યું છે?!"

સામુની ભીતપર લગાડેલા ટકતાને ટીકતો હતો. એક મહા-ભારત વિચારમાં પુસ્તકના પાનાં ઉથલાવતો હતો. ઘડીકમાં મણી લાલનાં પત્રને તુચ્છકારથી કહેતો "તું શું કામ મારી પાસે આ-વ્યો." આવા એક પ્રિયના ઘાયલ વિચારથી પ્રાણલાલનું માથું ફરી આવ્યું અને નિદ્રામા દબાયો હોય એમ ખુરશીપર માથું નાખી બંધ આંખે વિચારમા લિન થયો. "થોડી પલ જતામા હાં-ફતો હાંફતો સાસભેર ઘાટી તેના રૂમમા દાખલ થયો અને બદ લાયલા પત્રની હકીકત આપી."

પ્રાણલાલે પોતાનો પત્ર હાથમા લીધો અને ચારે તરફ તપાસી જોઇ ટેબલપર મુકી મણીલાલનો પત્ર સરખી રીતે વાલી તેના પરબીડીયામા મુકી ઉપર ગુંદર લગાડી આવ્યા જેવો બનાવી ઘાટીને આપ્યો, જે ઘાટી લઇ ત્યાંથી મણીલાલને પોહોચાડવા ગયો.

ઘાટીના જવા બાદ પ્રાણલાલે પ્યારથી પત્ર ટેબલ પરથી ઉપાડયો અને એક ચુંબન કરી ભારે ખુશીથી પત્ર ફોડી વાચવા માંડયો.—

પ્રાણપ્રિય પ્રાણલાલ,

આપનો તા૦ ૧૯—૭—૮૮નો લખેલો વિરહી પત્ર શીલબંધ મળ્યો છે. વાંચી અતિઆનંદ સાથે જવાબ લખવા દાથી તુરત તાકે [illegible] સત્વર પત્ર મોકલ્યો છે, જે વાંચી જવાબ આપવા ચુકશો નહી

પ્યારા મારી સાથે લગ્નની ગાંઠ જોડવા માગો છો તેથી હું ઘણીજ ખુશી છું, પણ મારી તરફ એકએ બીજાં પત્ર આવવાથી દાસી જરા ગભરાટમાં પડીછ ખરી, પણ હું ધારૂં છું જે તમારા જેવાં કેળવણી પામેલા વિદ્યાર્થી મને કદી પણ મળશે નહીં, માટે ખચિત હું આપણે વરીશ એમ નક્કી માનશો.

બીજુ પિતાજીની આગળ મારાથી એકદમ વાત થઈ શકશે નહીં, માટે ધીમે રહી જે રસ્તો નિકળશે તે નિહાળી તેને યોગ્ય માન આપિશ એજ—તમારી છબી જોવાની દાસીને ઊમેદ છે.

સૂર્યપુર—હરીપુરા } તા૦ ૨૦-૭-૮૮. } લી૦ સદાની તાબેદાર થવા ઇચ્છનાર
પદ્મણીના પ્રણામ.

પત્ર પુરો વંચાઇ રહયો એટલે આખાં શરિરમાં ખુશીનો ગરકાવ થયો હોય એમ દેખાવા લાગ્યું અને મોહડાનો રંગ એક તાજા ગુલાબની માફક ખીલી નીકલ્યો. વળી તે બે કલાકનો ભૂખ્યો હતો તેમાં પત્ર વાંચ્યાથી પેટ ભરાઈ ગયું હોય તેમ જ-ણાયું અને જમવાની રૂચી રહી નહીં. એક વખત વાચી ગયસે પત્ર ફરી વાચ્યો અને આનંદની ભરી નદીમાં વહેવા લાગી પ્રફુલિતપણે ગાવા માંડયું.

(રાગ—મેરે ગમકા તરાહના—એ.)

મુજ પ્રાણુની પ્યારી, ચ્હાવું છું મારી, કરવા સદાની નાર;
નારી બીજી અકારી, શોભા શું સારી, ચ્હાવું છું મારી—કરવા.

પત્ર તારો પ્રેમાળ પ્યારી પ્રીતા નીતીમાં પૂર;
રસ ભસ મૂખમાં તાહરાં છે બોલી તારી મધુર-
ગળે જરતે નવ નારી, જોડ કંઈ તારી, ચ્હાવું છું મારી—કરવા.

કોયલ સમ તું કારમી ને, કરમે ઘડી કીરતાર;
હાથી શોભે દરબારમાં, તેમ શોભાવું મારા દાર-
રાખું પુરી દિલદારી, જોઈ છું ધારી, ચ્હાવું છું મારી—કરવા.

ખચિત! ખચિત!! એ તો મારીજ થશે [illegible], કારણ કે [illegible] પત્ર ફરતાં તો મારાં મનમાં [illegible]

સમાઅ્યોછે એટલે તો પુર્ણ ખાતરી થાય છે. વળી મારી છબી કેવા નમ્ર સ્વભાવે માગી છે કે બસ, મારા આજ અંતઃકરણમાં વાસો કરયો હોય અને એક તંબુ નાંખી હૃદયપર બેઠી હોય એમ તો સ્પષ્ટ જણાય છે.

"મણીલાલે એના ઉપર પત્ર કેવા પ્રકારે લખ્યો છે તેનો સાર એના પત્ર પરથી હું સ્હેજમા સમજી ગયો છું અને હું ધારૂં છું કે હવે મણીલાલ મારા ઉપર પત્ર આવ્યાની વિગતથી જરા શીરમોંડો થશે ખરો અને લખવામા ચાલાકી વાપરી આડાતેડા ગ્રંથોની ઉથલપાથલ કરી ઉંચી ભાષામા પત્ર લખવાની ગોઠવણ રચશે. વળી એની છબી મારા ધાર્યામા એક પણ હોશે નહીં, એટલે હાલ તો એને પડાવવાની જરૂર પડશે ખરી, માટે શેહેજે એને પત્ર લખતા ત્રણ ચાર દિવશ લાગશે. વળી ફાફા કેટલાક મારશે તે તો જુદા વાસ્તે એની પેહેલા મારો પત્ર મોકલી આપીશ તો એ મારી પદમણી ધ્યાન વિશેશ ખેંચશે અને ઉત્તર બીજે દિવસેજ મળશે."

પ્રાણલાલ ખુરશીપરથી ઉભો થયો ઈસ્કોતી ખોલી અંદરથી ઉત્તમ પ્રકારનું પકગીડયું કાઢી ઉંચી જાતનું નોટપેપર લઈ ટેબલ આગળ આવ્યો. પોતાની છબીનો ફ્રેમ તઈયાર હતી તે તેમાંથી ખેંચી લીધી. થોડીવાર વિચાર કરવા લાગ્યો કે "પસંદ પડશે કે નહીં, અને મને યોગ્ય રીતે ગણશે કે નહીં, અને સાદા દરેશપર આશક થઈ વરશે કે નહી" એવો ખ્યાલ લાવી છબીને ચોપડીના પાનામા ખોશી લાલ સાહીનો ખડીઓ પાસે લઈ બેચાર સ્ટીલ તપાસી જોઈ તેમાથી એક પસંદ કરી લખવા માંડયું.

આશરે દજનેક કાગળ બગાડયા અને ધ્યાન ઠેકાણે રાખી લખવામા પાછો હઠયો નહીં. વખતે દોહરા ઉતારતો તો વખતે કવિતામા લખતો અને નહીં પસંદ પડતું તો સારી રાગણીમાં ઉતારી તેને સરખાવી જોતો. એ પ્રમાણે સારા તત્વ ખેંચી પદમણી આગલ પાસ થવાના સાધણો રચતો હતો. છેવટે તેને પ્રત્યક્ષ લખાણો ખીલવાનો વિચાર કરી ઉમદા હરફે લખી [illegible] ણું બાદી સાથે મોકલવાના [illegible] રખાતી નહીં

ગળશે તો મલે ગમે ત્યાંથી આણી કાઢી મોકલીશ." એવો ઠરાવ કરી પાસેના ઓરડામાં આવ્યો અને ત્યા બે ત્રણ રમતા બાળકોને રમાડવા લાગ્યો.

પ્રકરણ--ત્રીજું.

દોહરો.

પ્યારી નારી પદમણી, પ્યાર કરે તુજ પ્યાર;
યાદ કરૂં દિન રાત હું, આ-જલદી મુજ નાર.

અસલના વખતથી ખરડા પુરૂષોનું બંધાવેલું એક વસ્તી વાળા મોહલ્લાનાં છેડાપર ઘણુંજ જુનું થયલું લીમડાની લગોલગ અડેલું અને લીમડાનાં ઘુમટમાં દબાયલું આ ઘર જોનારની આંખને આનંદ ઉપજાવતું, તેમ એ ઘરની એક તરફની દીવાલ ખરી પડશે એવી ધાસ્તી ભરેલી રીતે લાગતું હતું. આગલા રવેસની બારી આગળ સનમુખ નામની ૧૧ વરસની બાળકી ભરત ભરતી હતી, અને પાસે એક બે વરસનાં નાના બાળકને બેસારી મુખમાંથી લાડના સબ્દ કાઢી મનરંજન કરતી; વખતે બાંયપર પડેલો ઘુઘરો બાળકના હાથમા આપી હલાવી ખમખમ વગાડતી થોડી વારે છોકરૂં રડવા લાગ્યું. સનમુખ છાનો રાખવાના સાંવણો રચવા લાગી પણ બાળક રડતું રહ્યું નહીં. વધારે વધારે રડવા લાગ્યું. જેથી બાળકી અકળાઇ અને છેવટે-"કમળા બાલી! કમળા બાલી !! કરી બુમો પાડી."

કમળા પરસાલમાં એઠવાડ કાંડતી હતી, તે ઝટ હાથ ધોઇ આગલા રવેસમાં આવી અને છોકરાંને લઈ છાતી સરશો ચાંપી ધાવે વલગાડ્યો. બબડવા લાગી. છણકા અને ટણકા કરવા માંડયાં.—'મુવા! મારા માં-બાપે મારા સારૂં આટુંજ સારૂ ઘર સોધી કાઢ્યું, આખો દાહડો એક વૈતરીની માફક ગોલાચાકર કરૂં, નહીં કોઇની વાતમાં કે નહીં કોઇની ગતમાં; મારાં કરમમાં મુલો સોંપ્યોછ તે કોણ જાણે કયારે છુટશે. આ સવારની મરાઈ હતી તે સાંજ પડી નોએ બાહાર નીકળવા વારો નહીં આવ્યો. મવાઓ

નહીં સા

કમળાએ છોકરાને રીશમાં જમીનપર રડતો નાંખ્યો. "લે મર-મુવા ! સુતો હોવતો શું નહીતો હમણાં ટીપેરી નાંખીશ? "

પાસેનાં ઓરડામાં મણીલાલ સુતો હતો તેનુ પોતાની કમળા ભાભીનો બારે રડાપીતો સાંભળી તુરત જાગી ઉઠયો અને પાસે આવી તેને સમજાવી દિલાશો આપવા લાગ્યો—"જુવોની ભાભી હવે થોડા દિવસની વાર છે કે પછી તમને ભાઈ પાસે મોકલી દઇશું?"

"અરે ! મુવા મોકલતા, એ વરી દહાડો કયારે ? હું મારે ત્યાં સુખમાં હતી, તો લાં મને સંતાપમાં શેકાવા તેડાવી બળ્યું ! લખતાએ બરાબર નથી આવડતું નહીતો અમણા બે આંકડા લખી વાળું."

બસ ! બસ !! કમળા ભાભી હવે થયું, ખાલી ધાંટાં ધાંટ કરી ચાર લોક ભેગાં કરવાં (અનસુખ તરફ) કેમ બેન બાપા આવ્યા કે ?

"ના ભાઇ, પણ કોઈ ધારી કાગળ લઈને આવ્યો હતો તે આપી ગયોછ ! તમે સુતા હતાં તે મેંજ તમને ઉંઘમાંથી જગાડયા નહી."

લાવ—લાવ—લાવ તે કયાં છે ?

"તે લોની ભાઇ ! એટલી બધી ઉતાવળ શી છે" સનસુખે ઘન કેનવાસની ટોપલીમાથી કપ કાઢી આપ્યું અને મણીલાલ લઈ કરી પોતાનાં ઓરડામાં હરખભેર ગયો. એક કોચ ઉપર બેઠો. બારીબંધ હતી તે હાથવડે ધકકો મારી ખોલી મુકી એટલે ઓરડામાં ઉજાસ પ્રગટ થયો અને કાગળપર નજર નાંખી છલકાવા લાગ્યો.

આહા ! આ કાગજ મારી પદમણીનું ? શું એ મારી થશે? ત્યારે તો મારી સાત પેઢીનું ભાગ્યેજ ખુલી જાય તો, પણ પ્રાણુલાલપર કાગજ શાનો ? અરે ! યાર, જાગતો હોત તો ધાટીને પુછતેપણ; કે આમ કેમ જે પેહેલાં મારે લાં પ્રાણુલાલનો પત્ર આવ્યો અને પછીથી મારો પત્ર આપવા આવ્યો. પણ મુકકર પ્રાણુલાલે પણ લાં નજર લંબાવીછ ખરી, લારવિના આમ બને નહીં, વારૂ વાંચતો જોઈએ ! પણ બસ આ શાલ જબરૂ છે, મારા હાથ ચટે તો ભાગ્યેજ ?

[illegible] ફરીને વાંચ્યો અને મનમાં [illegible]

યાદ આવતો કે હોળી જાગતી ! અને આજથી પ્રાણલાલને મળવું નહીં જોઇએ? એવા તુરંગો બાંધતો. શું એ પૈસાવાલો છે તેનાં તેજમાં અંજાઇ જવું? છટ! છટ!! હવે તો આપણે ગમે તેમ આ કાગજનો જવાબ આપવો જોઇએ. ?

પ્રાણલાલે તો પોતાનાં પત્રનો જવાબ લખવા પણ માંડયો હશે. માટે આપણે હવે જરાપણ ડરવું નહીં અને એકદમ જવાબ સારા વિષયોથી લખીવાલવો. છબી માંગી છે તે પણ તઈયાર છે અને હમણાનીજ તાજી પડાવેલી છે. વળી પ્રાણલાલ કરતાં તો મારી છબી દસ દરજ્જે ચઢીઆતી છે અને ઈંગલીશ દરેશમાં, ખાસ્સી હાથમાં લાકડી, વાંકી ટોપી, વારનીશનાં બુટ વિગેરે જેવી ખુબસુરત જોઈએ તેવીજ છે. પ્રાણલાલની છબી મેં જોઈ છે તેને માથે પાઘડું ઘાલ્યું છે અને પગમાં મીરજાઈ જોડા પેહેર્યાં છે, કાળો સાદો જેવો ડગલો પેહેરયો છે અને હાથમાં છત્રી લઈને શેઠ ઉભા છે. એવી છબી કદીબી પદમણીને પસંદ પડનારજ નથી એટલી તો મારી ખાતરીછે કેમકે પ્રાણલાલને ત્યાં લગનમાં આવી હતી ત્યારે મારાં એશકી દરેશપર ઘણીજ ટીંકી ટીંકીને જોતી હતી.

પછીતો કોણ જાણે એ જરા પૈસાદાર અને આબરૂદાર ઘરનો છોકરો જાણી પદમણીનો પિતા તેણી તરફ ઉતરી પડે તો પછી લાચાર ! નહીંતો પદમણી તો આપણે કદી વિશરે એમ નથી કારણકે તેનો પત્ર મને પકકો બરોશો આપે છે. પણ કંઈ નહી હીમ્મત રાખવી અને બીડતાં રેહવું જેનાં નસીબમાં હશે તેને ઘેર પાણી બરશે.

પ્રાણલાલનો ને મારો પત્ર ફેરફાર થયો છે ખરો, એ પણ ઠીક થયું જે બંનેનાં પોગળ નીકળી ગયાં, સાથ બંનેનાં દીલ પણ તણાયા, વળી રોજ રાણીનાં બાગમાં મળતાં હતાં તે હવે તો કાશીમાં જેવું થઇ ગયું, ખેર ! જે બની તે ખરી ચાલો વિચારમાં તો વખત એ ચાલવા માંડયો માટે લાવ પત્ર લખવાની ગોઠવણ કરૂં અને જેમ બને તેમ જલદીથી મારો પત્ર પોંહચાડી દઊં?

"ચાલો ભાઇ બાપા આવ્યા"? સનમુખે આવીને કહ્યું.

"હા ચાલો" વિચારમાંજ બાઈ એ... .

બાટી આજકાલ મારે

ફલ

"હા બેન હા" વિચારમાંજ.

નહીંતો પછી એ પ્રાણુલાલનો પત્ર આગળ થશે ને મારો પત્ર પાછળ પડી જશે તો ઝાઝુ માન મલશે નહીં.

"વાહ! ભાઈ કેટલીવાર, બાપા ખીજશે" સનમુખે કચવાતે મોડે કહ્યું.

"લે ચાલ બેન" વિચારમાંને વિચારમાં ઉઠી મણીલાલ રશોડામાં ગયો.

દોહરો.

પ્યાર નારનો પુરૂષને, કરે ભમાવી ભૂત;
હોય ગરિબ કે રાજવી, કયાં તાલેવંત પૂત.

પ્રકરણ-ચોથું.

દોહરો.

ચિત વધે ચિંતા અતિ, પુત્રી વેષે થાય;
માત પિતાજોઇ જબે, હરદમ તે મનમાંહ્ય.

શેઠ નગીનદાસ આગલા રવેસમાંથી દીવાનખાનામાં ગયા; જયાં પોતાની પ્રીયા! અને પુત્રીને બેઠેલાં જોયાં. પદમણી એક બાજુપર પિતાને આવતા જોઈ ઊઠી ચાલી અને પોતાની સાડીની કોર ભરવાનું લઇ બેઠી. વીચકોર ઉઠી સામું બેઠી, અને નગીનદાસે કોચ ઉપર બેસી ટગર ટગર વિચારમાં જોયા કર્યું.

"કેમ મેકુંજે સું વિચારમાં પડયાછો?" વિચકોરે પૂછ્યું.

આ બે'નનાજ તો.

પદમણી એક ખુણામાં સાડીની કોર ભરતી હતી તેનાં કાંનપર પિતાજીનો સબ્દ પોતાનાં વિષે ગયો, એટલે કાન સાવધ રાખવા તત્પર થઇ; હાથમાંના કામપરથી ધ્યાન ઉઠાવ્યું, અને હવે મારા વિષે શી વાતો ચાલે છે. જોવું તો ખરી; પણ કંઇ ગુંઠી મારયું હોય તો આપદા!

"તે બેનનો શું વિચાર કરયો?" વિચકોરે લટકાથી પુછ્યું.

જોની પ્રીયા! કાલનાં બે પત્ર આવ્યાંછે તારનું મારૂં દીલ કહ્યું ... વાંચ્યાછે ... સમાંતો ઠીક લખ્યું છે પણ સું-

(પદમણી પત્રની વીગત સાંભળવા માટે જ્યાં આગળ ભરત ભરવા બેઠી હતી, ત્યાં આગળથી જરા આગળ ખસી અને પોતાની માતુશ્રી જે કોચ ઉપર બેઠી હતી તે કોચ આગળ લંપાતી બેસી વાંકી નજરે તેના પિતાના મોહડા સામું જોવા લાગી.)

"તમે તે બંને કાગળ મારી આગળ જરા વાંચો તો ખરાં બાઈ જોઈએ તે તેમાં શું સમજ પડે છે."

"લે સાંભળ ત્યારે" શેઠે ગજવામાંથી પત્ર કાઢી વાંચવો શરૂ કીધો.

પત્ર અમદાવાદનો.

સ્વસ્તી શ્રી સુરત બંદરે માહાસુભસ્થાને પુજયારાધે સરવે ઉપમાં જોગ શેઠ નગીનદાસ જમનાદાસ ત્યા ચીરંજીવી બેન પ્રેમદા વિગેરે સાથ સરવે એતાનશ્રી અમદાવાદથી લી૦ હરકીસનદાશ નરોતમદાસ ત્યા ચી૦ ભાઈ છોટાલાલ વિગેરે સાથ સરવેનાં પ્રમાણ વાંચજો. બીજુ લખવા તાકીદ એછે જે જો તમારે તમારી પુત્રીનો વિવાહ હમારા પુત્ર છોટાલાલ વેરે કરવો હોય તો તાકીદે પત્ર બીડજો કેમકે હમારે ત્યાં ભરૂચ તરફથી તથા મુંબાઈ બંદરેથી બે માંગાઓ આવ્યા છે પણ તમારી હમારી શાલશાઈને લીધે હમારા સઘલા કુટુંબોને તમારૂં ઘર પસંદ પડયું છે માટે તે બે માથી કોઈને હમે હજુ સુધી જવાબ વાલ્યો નથી. વાસ્તે વીચાર કરીને તુરતા તુરત ના હા નો જુવાબ લખી વાલજો કે હમોને આગલ પગલુ ભરવાની ઝટ સમજ પડે? વળી હમે તમોને આગળ પણ એક પત્ર બીડ્યો હતો પણ તેનો કશો ઉત્તર મળ્યો નથી માટે વેળાશર ઉત્તર લખવા ભુલશો નહી એજ અરજ કામ કાજ લખજો મીતી સંવત ૧૯૪૪ ના જેઠ સુદ ૧૩ ને વાર શુક્રે.

લી૦ હરકીસનદાસ નરોતમદાશના
જેગોપાળ વાંચજો.

"સમજ પડી કે?" નગીનદાશે કહ્યું.

"હા, તમે હવે બીજો વાંચોની" પ્રેમદા જરા હસીને બોલી.

નગીનદાસે અમદાવાદનો ... વાંચવો શરૂ ...

પત્ર મુંબઇનો.

શેઠ, નગીનદાસ જમનાદાસ.

જોગ જત મુંબઈથી લી. મોતીલાલ મનસુખલાલની સલામ વાંચજો વિષેશ લખવા કારણ એછે જે હમારો વિચાર તમારી ચી૦ પ્રેમદા પુત્રી શાથે અમારા ચી૦ નાહનાલાલ નાં લગ્ન કરવાનો છે માટે એ વાત આપ માથે લઇ જરૂર કબુલ કરશો. જુવો કે હમારો પુત્ર લગભગ પંદર વરશની ઉમરનો થવા આવ્યો છે. અને ઓમ્બે હાઇસ્કુલમાં અંગ્રેજી છઠ્ઠા ધોરણનો હાલ અભ્યાસ કરે છે.

હું ધારૂંછું જે તમારી પુત્રીને પણ આસરે તેર વરષ પુરા થયાં હશે માટે આ જોડું તાકીદે જરૂર તમારે સાંધવું જોઇએ કેમકે પાણી જાગાઇ સુકવાંછે, પછી કહેતી પ્રમાણે "ખાટી છાસ ઉકરડે ઢોલવી નહીં પડે?"

બીજું હમો તમને વધારે લખી હમારી જરૂર જણાવતાં નથી પણ જે જગ્યાએ પડો તો વિચારથી તપાસીને ખાડો કે કુવો જોઈનેજ કામ કરજો નહીં તો જનમારા સુધી છોકરીનું દુઃખ જોવું પડશે એજ.

મુંબઇ—ભુલેશ્વર }
તા૦૨૨-૭-૮૮ }

લી૦ મોતીલાલ મનસુખલાલ
મોતીવાળા.

નગીનદાશે બંને પત્ર પોતાની પ્રીયાને વાંચી સંભલાવ્યા અને એક એકની સામુ જોઇ રહ્યા.

પદમણી જે ખુંણામાં ભરતી હતી તે એ પત્રનો બરાબર સાર સમજી ગઈ. દિલ વિષે પસ્તાવવા લાગી. ક્ષણીજ ઘભરાતમાં પડી. "હવે મારૂં શું થશે?" પણ એજ પળે એની માતા બોલી ઉઠી.

"મેકુંજે મારૂં ધ્યાન એમ પોહોચે છે કે, કોઈને કાગળ લખવોજ નહીં."

"એશું બોલેચ કે બકેછ? કોઇને કાગળ લખવોજ નહીં ના, ના, એમાતો આપણે ઘણુંજ ખરાબ લાગે અને હવે ઝાઝો વખત ગુમાવી સારૂં નરસું જોવામાં પણ ફાયદો નથી માટે મેં મારા દિલશાથે નક્કી કરયુંછે જે મુંબઈ આજે પત્ર લખી

[illegible]

[illegible] રોછો! મારી

એની એક છોકરીને શું મેં આગલથી મુંબઈ નાંખશે ? જાઓ જાઓ સુરતમાં ઘણુંએ ઘર પડયાં છે મુંબઈ અને અમદાવાદને ક્યાં ચડાવો છો. આ કાલે મારી બેન આવ્યાં હતાં તેને સુરતમાં ચાર ઘર બતાવ્યાં, અને મને કેટલીક તો સમજ આપીછ! માટે મારે તો સુરત શિવાય મારી છોકરીને બાહાર નાંખવી નથી સમજ્યા ?"

નગીનદાસ દમ મારી ગયા પણ બોલ્યા વિના રહેવાયું નહિં તેથી જરા આંખો ફેરવી બોલ્યા—

"પણ મુંબઈમાં મોતીલાલનું ઘર શું ખોટું છે તેમ છોકરો પણ શું ખોટો છે ?"

ના=ના મારે તો મુંબઈ સુધી છોકરીને નાંખવીજ નથી કહી ચુકયા, મારે સાત લાડની છોકરી મુંબઈ નાંખી મોહુ કયારે જોઉં ? આપણા સ્હેરમાં શું ખોટ પડી છે જે મુંબઇ સુધી દેવા જઇએ, તમે જરા વાત બાહાર નાંખો તો હમણાં સો માંગા આવે.

"ચાલો વારૂં ઠીક છે" નગીનદાસે ઠંડે પેટે જવાબ આપ્યો

પદમણી પોતાની માતુશ્રીનાં સવાલોથી ઘણીજ ખુશી થઇ અને પિતાની સામું બોલવા વારો નહીં આવ્યો તેથી દિલ વિષે માતુશ્રીનો ઉપકાર માનવા લાગી.

"શેઠ ચાલો નીચે કોઈ આવ્યું છે" ઠાકોરદાસ ગુમાસ્તાએ આવી કહ્યું.

શેઠ ઉઠયા. પદમણીએ ગુમાસ્તાને ઉભો રહેવા ઈસારત કરી. શેઠે હાથમાં ઝાલેલી પાઘડી માથામાં ઘાલી અને નીચે ચાલ્યા તેની પછાડી શેઠાણી પણ ઊઠી ચાલ્યાં.

"હે અલ્યા ! નીચે કોણ આવ્યું છે ?" પદમણીએ ઠાકોરને પુછ્યું.

બે'ન કોઇ વેપારી જેવું છે હું ઓળખતો નથી.

"વારૂ તારી પાસે આજ કેટલા દહાડા થયાં પીહ્યું રેશમ મુંઝાવ્યું છે તે હજી લાવતું નથી કે ?"

અરે ! હા ભુલી ગયો બે'ન.

"હા રડયા ! ભુલી ગયો [illegible]

તેતો બે'ન ! [illegible]

રેશમનો કંઇ મહિનો થવાનો છે.

"ચલ-ચલ મુવા ! બાંગડ, પૈસા ખાઈ ગયો હોય તો લે બીજા પણ મને આજને આજ લાવી આપ ? પકડ પાવલી."

લાવો ત્યારે બે'ન અમણા પેર જમવા જઇશ કે લેતો આવીશ

"જોજે પીટયા ! શેઠ જાણે નહીં અને નીચેથી રાઘુને મોકલતો જા ?"

શાર બે'ન ! હમણાં મોકલું કે ?

"તો મુવા ! હરામખોર, હમણાં નહી તો કયારે ! રડયાને ગાલ ખાવાની ટેવ પડી હોય તે જાય."

ઠાકોર ગુમાસ્તો જરા ટીખલી વધારે હતો જેથી હંમેશ શેઠાનીની સાથ-સીતેર ગાલ ખાધા વગર ઘેર જતો નહી, તેને ચાર આની પદમણી પાસે બીજી ઓકાવી અને પટ ગજવામાં નાંખી નીચે ગયો. રાઘુ ઘાટી દાદરપરજ મલ્યો તેને કહ્યું-"જા બે'ન બોલાવે છે," રાઘુ પદમણી પાસેજ આવતો હતો તેથી તેને જવાબ આપવાની જરૂર રહી નહીં અને ઝડપ ઓરડામાં દાખલ થઈ ગજવામાંથી કાગલ કાઢી આપ્યો.

(કાગજ સવારનું રાઘુ ઘાટીનાં હાથમાં મલ્યું હતું પણ છુપી રીતે આપવાની તક હાથ નહી આવવાથી પદમણીને હાથ મોડું મલ્યું.)

પદમણી ખુશી થઇ. પત્રને તલઈ નીચે દબાવ્યો. ઓરડાનાં બારણાં બરાબર વાસી પત્ર વાંચવાની ઉલટથી ટેબલ આગલ થઇ, ખુરશીઓ બરાબર ગોઠવી તલઈ નીચેથી પત્ર લઈ સાંતપણે વાંચવા લાગી.

માહરાં મનની માનીતી પ્રીય પદમણી.

ઘણીજ દિલગીરી સાથે આ પત્ર લખી એક સંતાપ જેવી છાંયામાં ઊભી રાખી તારા ગુરંગોપર ભુખ્ખાં માણુસોનાં કાવતરાંનો ખરેખરો વિચાર આ પત્રમાં દરશાવુંછું માટે જો તને યોગ્ય લાગે તો ઉપકાર માનજે અને તેમ તારે જીગર ... માણુસથી એવા ભરમનાં ભ-

મને સઘલી ખબર મળી છે જે તારો વિચાર એક છ-છાછલા અને વક્કર વિનાનાં પુરૂષપર ભમે છે, તેને માટે હું કંઈ દેજાબુધ્ધી વાપરતો નથી કેમકે તે મારો જાણી મિત્ર છે પણ આ કામમાં હાલ જુદાઇ ગણેતો જેવી જોઇએ તેવી છે; હમે એક પણ દિવસ આજ સુધી મળ્યા વિના રહ્યા નથી અને હમણાં સ્વપ્ને પણ સાંભરતો નથી, તેમ તેનું પણ જીગર હાલ જીવતું નહીંજ હોય એમ સ્પષ્ટ જણાય છે.

પ્રિય ! કોઇ પણ પુરૂશની ખાતરી કીધા વિનાં તેનાં ગુણ દોષ માલમ પડતાં નથી તેમ કોઈપણ ફળ ખાધા વિનાં કડવું કે મીઠું જણાતું નથી; માટે મને પુર્ણ ખાતરી છે કે મારાં દરેક બોલે બોલપર ખુબ વિચાર લાવી જેનાં ઉપર દિલ દોડે તેણે તારો પ્યાર આપી પ્રીયા થઈશ ? ! પણ—

દોહરો.

બ્હાર નાર એકવારનું, મજનું જોશે સુખ;
પ્યાર ધારસત સારનું સઘળાં ખોશે દુઃખ.

વ્હાલી ! હજુ પત્રની આવજાવ થઈ છે પણ એકવાર સામાસામી બરાબર મળ્યા નથી અને મારો સ્વભાવ તારાં અંતઃકરણમાં ઉતર્યો નથી ત્યાં સુધી દરેક મારી મોટાઇ જણાવવી એ વ્યર્થ છે.

(રાગ–તુને કુમલા જીયરવા ઓ પિતા મોરા.)

પ્યારી ! પ્રિતેથી વરવા, સુખ સંપે સદા—પ્યારી૰

આકુલ વ્યાકુલ દિલ થયું મારૂં–પ્યારી પ્રીતેથી વરવા.
તુજ પત્રથી આનંદકારી, પૂર તન મન મુજ મળવા—સુખ૰
નક્કી મનમાની શબ્દ આમારાં, સાચ સમજી લે ફુલવા-સુખ૰
મનની જરૂરે જાણજે પ્યારી, લાગે દુઃખ સઉ ટળવાં—સુખ૰

પ્રિય ! હવે આમારાં વિચીત્ર પત્રને યોગ્ય માન આપી એકદમ તારાં પિતા[illegible] આ[illegible] મારી સદાની બાળા

કે હુંજ તને વરવા લાયક છું. "દવામાં ઘર બાંધનારા ઘણું મળશે." પણ હું તને એક ઈતબારની આરસી સમજી આટલું બધું લખું છું તે તારા ફાયદાનેજ માટે છે; વળી હું કબુલ કરૂં છું કે આ બધો મારો વિચાર મારી મતલબનોજ દર્શાવ્યો છે પણ તે તારે મારાં વેણ ઉપર ભરોશો રાખી સાચો માણુનો જોઇએ એજ.

સૂર્યપુર–સોનીફળીઆ
તા૦ ૨૪–૭–૮૮

લી૦ તને મળવાને આતુર–
પ્રાણલાલ પ્રાણજીવન મુખત્યાર.

પત્ર વંચાઈ રહયો. પદમણી ઘણીજ ગુંચવણમાં પડી ખુરશીપરથી ઉઠી અને કોચ આગળ આવી, ટલાઇ ઉપરની ચાદર બરાબર પાંથરી ટકયાને સરખી રીતે ગોઠવી વિચાર કરતી બેઠી "પ્રાણુલાલનું કાવતરૂં તો નહીં હોય, અને ખોટી રીતે લાંબુ લાંબુ લખી મને ભોલવતો તો નહીં હોય" કપાલ ઉપર હાથ દીધો અને કોચ ઉપર સુવા લાગી.

બારણાની સાંકળ બાહારથી ખખડી.

"ચલ જા સુવા ! સાંકળ ખખડાવનો મારે નથી આવવું" પદમણી એકદમ ગુસ્સામાં આવી બેઠી થઇ બોલી.

"કેમ બેન કંઇ જીવને અસુખ છે શું?" નંદાએ બહારથી કહ્યું,

પદમણીએ પોતાની નંદા સખીનો અવાજ સાંભલી તુરત કોચપરથી ઊઠી ઝડપ બારણાં ઉઘાડયા.

"ઓહો ! બેન ગુલાબ ! તમે પણ સાથે આવ્યાંછને ?"

"આ નંદા બેન મળ્યાં તો સાથે આવ્યાં, પણ તમે બબડયા શું ?" "અરે બેન હું જાણું જે પીટયો ! રાણુ સાંકળ ખખડાવેછ તેથી હું જરા ચીડવાઇને બોલી, પણ વારૂં નંદાબેન સાસરેથી ક્યારે આવ્યાં ?"

"આ દીહાં ચાર" નંદાએ કહ્યું,

"ઓહો ! આ વખત તો તમે ઘણાં દિવસ કાઢયા હંઅ નહીંતો પેહલાં તમે મહિનો તો બારેજ રહેતાં.

... [illegible] ... ત્યારેજ આવા-

"સારૂં બેન સ્વામીની સેવાથીજ મેવા મળશે" પદમણીએ હસીને કહ્યું.

"વારૂં રૂક્ષમણી આવેછ ખરી કે?" નંદાએ કહ્યું.

"ઓહો! તેતો બહુએવાર, એમતો ગુલાબ બેન પણ ઘણીએ વાર આવે છે શું નહીં આવે કંઇ નાહાનપણનાં બેહેનપણાં શું છુટતાં હશે."

"વારૂં ગુલાબ બેન હુંતો પૂછતાં પુછતાં ભુલી જાઊંછું તમે અંગ્રેજી સેકનબુક પુરી કીધી કે?" નંદાએ કહ્યું.

"કયારની એ, અને થડ બુક માંડી હતી પણ મડમ સાથે જરા તકરાર ચાલી એટલે આપણે સ્કુલ છોડી એ દીધી"

"બેન હું પણ સેકનબુક સુધી શીખી એટલે ઘરમાંથી પિતાજીએ ના પાડી, કે આપણે ઘેર બેહાં, એટલે ઘેર તે કંઇ અભ્યાસ માસ્તર વિના થાય?" પદમણી ઊંચી આંખે બોલી.

"નારે આપણે તે કેમ બલી સમજ પડે, વારૂં કંઇ તમારૂં ઠેકાણું થયું કે હજુ વાર" નંદાએ પુછયું.

"સખી તેં ભલે વાત કાડી બેન! વારતો ભાગ્યની છે પણ ગુમરૂં પાકું થયુંછ ફકત નસ્તર મુકતા વાર" પદમણી હસ્તે મોંએ બોલી અને ટેબલ આગળ જઇ પોતાની ફાઈલ લાવી અંદરથી પોતાની ઉપર આવેલાં પત્ર કાડી નંદાના હાથમાં આપ્યા.

નંદાએ પત્ર હાથમાં લઇ ખુલ્લો કરયો અને વાંચવા લાગી. એમ બીજો પત્ર પણ વાંચ્યો. વાંચી અચંબો પામવા લાગી. પછી પદમણીને પુછયું "ત્યારે તમે મોકલેલા પત્રનો જવાબ હજુ આવ્યો કે નહીં."

"એકનો આવ્યો છે" પદમણીએ કહ્યું.

"ત્યારે તે લાવોની જોઇએ,? પછી એનો ઘરતો રસ્તો કરીએ" નંદા બોલી.

"તમે લગાર ઉઠો આ ટબાઈ નીચેજ દબાવ્યો છે.

નંદા ઉઠી, અને પદમણીએ ટલાઈ નીચેથી ખેંચી કાઢી નંદાના હાથમાં આપ્યો, [illegible]

તેની [illegible]

અને પાછી નહીં જાણુતી હોય એવું ડોળ ઘાલી નજર ફેરવતી પત્ર વાંચી રહ્યા પછી નંદા લાંબા વિચારમાં પડી અને કંઈપણ તદબીર હાથ કરવા પોતાની અકકલ વાપરવા લાગી.

"કેમ બે'ન કંઇ વિચાર સુજયો ?" પદમણીએ પુછ્યું.

વિચાર ! એમ કદી સુઝે, કારણકે એકવાર પુરૂષની મુલાકાત લીધી હોય તો તેના પરિણામ સ્હેજમાં તેની ભાષા ઉપરથીજ જણાઈ આવે. પણ ઠીક છે હું કોઇ પણ પ્રકારે દસ બાર દિવસમાં એની બરાબર તપાસ એ બંને પુરૂષની કોઈ જોડે કરાવીશ પછી તને મારો મત આપિશ ! "કેમ બેન ગુલાબ ! ખરી વાત કેની?"

"વારૂ ગુલાબ બેન તમે શું ધારોછ" પદમણીએ પુછ્યું.

"આપણી નંદા બેન કહેછે એ ખરૂં છે હું શું કહેવાની હતી"

"ના ના મારા સમ ! બેન તમારો કંઇ પણ મત હોવો જોઇએ ?"

"વાહ ! ગુલાબ બે'ન, એમ તે હોય" નંદાએ કહ્યું.

"અરે ! તમે વાત ફેરવો ફેરવો દાદરપર ધબકારા થાયછ, માતુશ્રી આવતાં હશે" પદમણી ધબરાતી બોલી.

આખા ઓરડામાં ચુપાચુપ થઇ ગઇ અને નંદાએ તુરત બીજી વાતો કરવા માંડી. પદમણી નીચે નેત્રે હુંકારો પુરવા લાગી ગુલાબ બંનેના સામુ જોતી બેઠી, એટલે રૂક્ષમણી ભારે હાઠથી ઓરડામાં દાખલ થઇ કે બધાં હસી ! પડયાં આ રકાસ જોઈ રૂક્ષમણી ખીશિયાણી પડી ઉભી.

"આવો બેન બેસો, કેમ ઉભા રહ્યા છો ?" પદમણીએ હસ્તે મોંડે કહ્યું.

"કેમ વારૂ હું આવીને તમે એકદમ હસી પડયાં,?" રૂક્ષમણી કમરે હાથ દઇ બોલી.

"અરે ! અમે તો તમારાથી ઘણાં બીધાં" નંદાએ કહ્યું.

"કેમ બીધાં વારૂ ?"

"જુવોની બા ! પદમણી બેન બોલ્યાં જે આપણે વાત ફેરવો માતુશ્રી ઉપર આવે છે તે હમે તો વાત ફેરવી નાંખી અને પેહલાં [illegible] મને દીઠાં એટલે હમે સરવે [illegible] કહ્યું.

"ચાલો હરી" એમ કહી રૂક્ષમણી કોચ ઉપર, નંદા અને ગુલાબની વચમાં બેઠી.

"આજનો કેવો રળિઆમણો દિવસ, કે આપણે ચારે સખીઓ આજે ઘણે દિવસે એકઠી મળીઓ" પદમણી હસતે મો'કે બોલી.

"હવે આપણે રૂક્ષમણી બેનનું મત લો." નંદા પદમણીને કહેવા લાગી.

"ભલે તેમાં શું છે એપણ આપણા આજુની સાથે જોડાય-લોજ છે કેની" પદમણીએ તુરત પોતાનાં પત્ર રૂક્ષમણીનાં હાથમાં આપ્યા અને પોતાનો સઘળો ઈતિહાસ ખુલ્લી રીતે પોતાની સખી મંડળમાં બહાર પાડયો.

"શાબાશ! શાબાશ! બેન પદમણી. ઉત્તમ સ્વામી શોધવાનું સાંધણ તો ઠીક મલ્યું હોં બા! પણ આમાં હું શું મત આપું?"

"તમને જે વિચાર સુઝે તે ખરો." નંદાએ કહ્યું.

"એમ છે ત્યારે નંદા બેન! તમારાજ વિચારને મલતીછું, તે સિવાય બીજું કંઇ નહી."

"જુવો બે'ન, મારી મતલબ એમ થાય છેકે ઉજાણીનું બાનું કરી કાલે મારી કતારગામ આગળની વાડીમાં ચારે જણીઓ જઇએ અને ત્યાં આગલ તેમને બોલાવવા ચીઠી લખિશ એટલે આવશે પછી આપણે તેની પ્રકૃતિ, ગુણ, દોષ વિગેરેની તપાસ તમારી પાસે કરાવીશ અને હું થોડો વખત બંગલાના ઓરડામાં સંતાઇ રહીશ, કેમ એ ઠીક કેની ?"

"વાહા એતો સઉથી સારૂં વરી કોઈ જાણશે પણ નહીં, કેમ ગુલાબ" નંદાએ ટેકો આપી કહ્યું.

"પણ વખતે વાડીમાંનો બઇયો કે કોઇ ઘેર ચાડી કરે ત્યારે શું કરવું." ગુલાબ બોલી.

"અરે જાજા વાડી કોના બાપની? અને બઇઓતો છેએ નહી અને હોતે તો શું કરવાનો હતો મુંવાને ચાર લાત મારી કાડી મુકાવું, તે જાણેછ!"

"બવ્યું! ગુલાબબેન [illegible] રૂક્ષ-મણીએ છાતી વધારી કહ્યું.

"બસ બસ, હવે બધી વાત જવાદો, દહાડો અસ્ત પામે છે અને ઘેર જવાનું મોડું થશે ? માટે આપણે હવે કાલે કેટલા વાગતા નીકળવું તે કહોની ?" નંદાએ પુછયું.

"નીકળવાનું, જુવોની આપણે સવારમાં સાતેક કલાકે જઈએ કે ત્યાં જઈ રાંધીશું કરીશું એટલે દસ અગીઆરવાગશે કે એટલામાં રશોઇ પણ તઇયાર થશે અને આપણે રોજની મારફજ જમીશું–એટલે શું છે ? તમે બધાએ સવારમાં મારે ત્યાં આવજો આપણે એકજ સીગરામમાં જઈશું. આ ગુલાબ બેનની ગાડીનું કંઈ કામ નથી." પદમણીએ જવાબ આપ્યો.

"આહા એ પણ ઠીક, પણ બેન એક ભરોશાવાલો માણસ તો સાથે રાખજેજ કેમકે કંઈ ખપ પડે તો આપણે અકલાઈએ ?" નંદાએ નખરામાં કહ્યું.

"મારો રાધુ મારી સાથેજ છે એટલે શું છ ?" પદમણીએ હિમ્મતથી જવાબ આપ્યો.

"ચાલો ઊઠો હવે, દીવા એમજ અહ્યુંજે થશે પણ ?" ગુલાબ બગાસું ખાતા બોલી.

"ઓ, હો ! બેન તું તો જયારે આવશે ત્યારે ઊતાવલજ કરતી શું થયું જવાય છે, નથી છોકરાં રડવાનાં !" પદમણીએ જરા કડવું મોહડું કરી કહ્યું.

"ના બેન હવે તો જઇશું, વરી કાલે મલવાનાં છીએ કેની ?" નંદા કોચપરથી ઉભી થઈ બોલી.

"ત્યારે સવારે વેહલાસર આવી પોહચશો, કે ગાડી મોકલું ?"

"નારે બેન એટલામાં તે ગાડી હોય, શું ચાલવાનું ભારી છેજે" રૂક્ષમણીએ જવાબ વાલ્યો.

"ચાલો જઈશું બેસો" ગુલાબે કહ્યું,

"હા, આવજો." પદમણી દાદર સુધી મુકીને પાછી કોચ ઉપર આવી પડછાંત સુતી. વાતોથી બે ઘડીનાં કંટાલેલાં નાજુક શરિરનો થાક ઉતારવા લાગી.

સાંહાંજનો અમલ હતો દીવા થવાને ફકત અડધા કલાકનીજ વાર હતી, એટલામાં રાધુ ઘાટી એક પત્ર લઈ ઓરડામાં દાખલ થયો. બાઈ સુતેલાં હતાં તેથી તેને જગાડવા માટે આંગલીઓની [illegible] વગાડી [illegible] ઉઠી નહી, ઘાટીથી કંઈ તેનાં [illegible] [illegible] તો [illegible] તો કંઢાલીને

પણ ઉતારે, વળી એની તાકીદ પડતી નથી. તેથી તેને બીજી સુન્દરી સાથે કરેલ તેના આગ્રહને સાર વખત ખોળવા માંડયું. “કાગળ આવ્યા ? ખાસ તુરંગ કાગળ આવ્યા ?” બાઇનાં કાનમાં આ અવાજ તુરત ગયો કે આપો આપ નાગણી જગ્યાથી બેઠી થઈ ચાકરીના હાથમાંથી પત્ર લીધો અને તુરત ફોડી વાંચવા માંડયો—

મારા પ્રાણ કરતાં વ્હાલી પદમણી,

તારો કોમળ કરનો લખેલો પત્ર મને મળ્યો. જે વાંચી તેનો તોરસર જવાબ વાળ્યો છે, તેને ઘટતું માન આપીશ. વળી લાંબુ પીંજાણ કરી લખવા કરતાં ટુંકમાં લખવું મને વાજબી યોગ્ય લાગે છે. તમે જવાબ માગ્યો હતો તે આ પત્ર સાથે બીડી અરપણ કરી છે.

પ્રિય ! મારા અંતઃકરણમાં તને દિઠા વિનાં એવી તો ચટ પટ લાગી છે કે આ ટુંકા પત્રમાં લખી શકાય એમ નથી, માટે હવે જેમ બને તેમ આવી જીતાવજે મારી માગણીને તાબે થઈ જરૂર જવાબ આપીશ. હવે મને લખવું સુઝતું નથી પણ એક નાનું ગાયનું મારી મુરાદનું ગાયણું લખ્યું તેને રાગમાં ઉતારી પ્રીતેથી વાંચજો.

(રાગ—અંજનાનો.)

છે વરવા આશ . પુર ગાઢરી, પ્રાણ પ્રીય પદમણી નારી-ટેક
તું ચંપો ને હું તો ભમરો, તું પરી તો તારો હું પરખું;
કરૂં હાર ગળાનો પ્યારી—પ્રાણ—
છે ચંદન સોડમ તારામાં, તો મોગરો વાસ મારામાં;
મુજ શુભ વચન લે વિચારી—પ્રાણ૦
સત જોઈ તું છે સોનાની, હું સોની તારો છું જાની-
નહીં વચન લોપવું પ્યારી—પ્રાણ૦
તું ખાણ છે હીરા મોતનની, હું તારો ઝવેરી તું જેની;
મળી પ્રીત વધુ જો ધારી—પ્રાણ૦
બને માછલી તું જો જળમાં, બનું પાણી હું એક પળમાં;
તુંજ પ્યારે કરૂં દિલદારી—પ્રાણ૦

પ્યારી ! મને ગાયણનો ઝાઝો અભ્યાસ નથી તેમ શોખ પણ નથી પણ તારૂં મનરંજન કરવા લખી મોકલ્યું છે તેને ઉચિત ઉપયોગમાં લઇ મારી મુરાદ કબુલ કરીશ.

હજુર-હમરાહમાં રે'તો

પત્ર વાંચી ટેબલપર મૂક્યો "ભાઈ હો! પ્રાણલાલ આટલું બધું લખે છે પણ મણીલાલની ગાળાગી કંઈ થોડી નથી, વાહ! એનું ગાયણું શું મઝાનું લખ્યું છે પણ પ્રાણલાલને એ સોહાગ એમ નથી તેની છટા તો ખરી ખુબીજ જણાય છે, ઠીક છે, દીવા થવા આવ્યા છે પણ, લાવ બે ચીઠીઓ સાધારણ રીતે લખી નાખી રાધુ જોડે મોકલી દઉં કે કાલે વાડીમાં જંગનું પાણું મારી સખીઓ જોઈ લેશે, એટલે પછી તે કહેશે તેને વરીશું પછી શાની ચિંતા છે? પિતાજીને સમજાવતાં વાર નથી જો હઠાગ્રહ કંઈ નહીં એટલે મનાવવા આવશે તો પછી માગે બિચાર આશિશ હોય પરથી ઉભી થઈ ટેબલ પાસે જઈ, ખાનું ઉઘાડી માહેથી સ્ટીલ પેન કાઢી અને ખડીઓ કાડી ચીઠીઓ લખવા માંડી.

પ્રાણપ્રિય પ્રાણલાલ,

તમારો પ્રીતીનો પચરંગી પત્ર મલ્યો છે વાંચી અનિયંત્ર જીવને સાંતી મળી છે, તમે મારૂં ભલું ઈચ્છો છો તે સમજી દાસી તમારો દસગ ઊપકાર માની આપને બોલાવવાનો કાલે સવારે મારી કતારગામની બંગલાવાલી વાડીમાં, મેં મારી સખિઓ સાથે નકકી ઠરાવ કર્યાં છે માટે આપ મેહેરબાની કરી કલાક દસને અમલે તે જગ્યાએ પધારવા તસદી લેશો.

સૂર્યપુર–હરીપુરા
તા૦ ૨૫-૭-૮૮

લી૦ તમારી સદાની દાસી.
શુભ ઇચ્છનાર
પદમણીના પ્રણામ.

પ્રાણલાલનો પત્ર લખી એક પાકેટમાં મુકી તેને ચોકશ રીતે ચોંડી ટેબલપર મુકયો, અને બીજો પત્ર લખવા માંડયો—

પ્રિય મણીલાલ,

તમારો પત્ર પોહોંચ્યો છે, વાંચી સરવે બીનાથી મારો પ્રાણ ઘણોજ ખુશીમાં ગરકાવ થયો છે; બીજું ટુંકામાં લખી જણાવવાનું જે કાલે સાંજનાં ચાર વાગે મેહેરબાની કરી મારી કતારગામની બંગલાવાલી વાડીમાં જરૂર પધારવા તસદી લેશો એજ.

સૂર્યપુર-હરીપુરા, લી૦ તમારો શુભેચ્છિત [illegible]
[illegible] [illegible] આદર

પાંચ મીનિટ થઈ નહીં એટલામાં ઉપર પ્રમાણે એ ચીઠીઓ ચિતરી કા'ડી, પાસેના ઓરડામાં રાઘુ કચરો વાલતો હતો તેને બોલાવી પોહોંચાડવાની સમજ આપી, અત્યારે ને અત્યારે પોહોંચાડવા પદમણીએ રાઘુને ફરમાવ્યું "જો હજુ સાડા છ ને પાંચ મીનિટ થઈછ દોડતો આપીને આવ! અને પિતાજી પુછેતો કંઇ પણ બાહનું કાડજે પણ પત્રનું કહીશ નહીં જા દોડ વેહેલો" ઘાટી દસ્શેરો ધુણાવી પત્ર લઈ પંથે પડયો. દિલમાતો બધુંએ સમજતો હતો જે આમનું આમ થવાનું છે પણ નીમક હલાલ ઘાટી એવો ન હતો કે ઘરમાં અથવા બાહાર કોઇ આગલ વાત કરે, તેમ પદમણી પણ આઠ દસ દહાડે ઘાટીને એક ધોળો તેનું દિલ રાજી રાખવા આપતી હતી. આજે ઘાટીનો વિચાર ચાટલો શેરવવાનો હતો પણ હજુ સુધી પદમણીએ આપ્યો નહીં તેથી એમ શમજતો જે પત્ર પોહોંચાડી આવીશ એટલે મળશે. જેથી ઘણી ઝડપે પત્ર પોહોંચાડી સાડા છ ને પાંચ મીનિટનો ગયલો સવા આઠને છ મીનિટે પાછો પદમણી પાસે આવ્યો અને પત્ર પોહોંચતાં કર્યાં તેનાં સમાચાર આપી ઉભો થઈ રહયો. પદમણી ઘણીજ ચાલાક, ચતુર, અને ચંચલ હતી; જેથી તુરત તે સમજી ગઈ જે રાઘુ જતો નથી તે મતલબસર ઉભો રહયો છે. પદમણીએ શીશમના કબાટનું ખાનું ઉઘાડી અંદરથી એક રૂપીઓ કાડયો. ઘાટીએ નજર ફેરવી અને કોચ ઉપરની ચાદર બરાબર પાથરવા લાગ્યો.

"લે, અલ્યા રાઘુ"

"બાઈ કાય દેતો" રાઘુ જાણતો નહીં હોય એવું ડોળ કરી લાંબો હાથ કર્યો. અને ચાટલો શેરવાવ્યો.

જો મુવો! જાણતો નહીં હોય જે ડાહયો થઇને મને પુછેછ 'કાય દેતો'? જાહ તબેલે જઈ ગાડીનું કહી આવ કે સાત વાગતામાં કતારગામ જવું છે."

ઘાટી પદમણીનાં ઓરડામાંથી બાહાર આવ્યો રૂપિયો કાછડીના છેડે બાંધી તબેલે પોહોંચ્યો. પદમણી નીચે વાળુ કરવા ગઈ. પિતાજી વાળુ કરતાં હતાં તે વહાલી થવાને ઝડપ દાલની તપેલી ઉંચકી પીરસવા લાગી.

"કેમ બેન હજુ તે વાળુ

"કેમ વારૂ" નગીનદાશે વ્હાલથી પૂછયું.

"મારી સખિયો આવી હતી, તે વાતમાં જરા અસુર થયું. પિતાજી હમે કાલે આપણી વાડીએ ઉજાણી જવાનું ઠરાવ્યું છે."

"ભલે બે'ન! હવે તું બેસી જા" નગીનદાશે કહ્યું.

પદમણી બેસી ગઇ પણ ભોજન ભાવ્યું નહીં અને ચિત્ત વાડીએ જવા લાગ્યું, જે સવાર કયારે પડે કે વાડીએ જઇએ. તુરત ઉઠી. હાથ ધોઈ નાંખ્યાં અને પાછી પોતાનાં ઓરડામાં આવી વીચારવા લાગી. એક નાટકની ચોપડી લઇ વાંચવા માટે દિલને સમજાવ્યું પણ "**કુતરો ખેંચે ગામ ભણી અને શિયાળ ખેંચે સીમ ભણી**" એક પાણું વાંચ્યું એટલામાં દીલ આકુ થવા લાગ્યું કે હાથમાંની ચોપડી મુકી દીધી અને બીજો ઓરડો ઉઘાડી એક છત્રપલંગપર જઇ સુતી. જ્યાં વિચારમાંને વિચારમાં આંખ મળી ગઈ.

* * * *

એક લોટણ ખબુતરની માફક પદમણી છત્રપલંગપર આલોટતી હતી, અને ઘડીકમાં બેઠી થઈ કાચનાં ગોખલામાંથી અજવાળું જોતી કે સવાર પડી કે નહીં. પણ કાલી રાત્રીને જોઈ તે બબડતી, ગાળો ભાંડતી અને જેમ મનમાં આવે તેવાં શબ્દ વાપરી અજવાળું જોવા ટમટમી રહી હતી; કારણ આ અબળા! તંતનો તાપ વેઠવાને અસકત બની પોતાનાં પ્યારાંઓને યાદ કરતી પાછી પલંગપર સુઈ જતી.

મદનનાં જોરે કરી છેવટે એટલી બધી નીરાશ થતી કે પાણીથી બાહાર પડેલી માંછલીને એક ખાબુચ્યું મળે તોપણ તેને તે વેળા આનંદ સાગર સમજી તેમાં ઝુકાવી, પોતાનો મદન વિલાસ ને કામ કેતુ સમાવી સુખસાગરની મુલાકાત લિયે પણ પાણી વીનાનાં મછની માફક પલંગપર ફડફડ કરી ફરી ઉઠી, અને ઘડીઆલ જોયું તો ચાર વાગ્યા હતા. "પાંચ વાગે એટલે ઉઠું" એવો ખ્યાલ લાવી પાછી સુતી નિંદ્રા આવી નહીં તેથી બેઠી થઇ અને ગરબી ગાવા લાગી—

ગરબી. (રાગ—મણીગર મોહોલે પધારો) ?

વેરણ થઇ રાતી ... નિંદ્રા મારી વેરણ થઈ છે.

મારી વેરણ થઈ છે—ટેક

સાખીઓ.

ફરી ફરી ને ફેરવું, સુંદર મારૂં શરિર,
પાય પડું પ્રભાતને, વળી નમન કરૂં સુર વીર—નીંદ્રા૦
શુણી તો સર્વ તું બધો, દુખ પડે કોઇવાર,
પણ નીતની તારી નોકરી, જગતે તારો આધાર—નીંદ્રા૦
વેહેલો વીરા ઉંગજે, મારા કાજે આજ,
સેવા નિત્ય તારી કરૂં, કંઇકતો રાખજે લાજ—નીંદ્રા૦

તરફડું છું આ પલંગમાં, કામ કરે સંતાપ,
મદન જોર જાઝુ કરે, જાણે ડંખ્યો હોય ઝેરી સાપ—નીંદ્રા૦

ઘડીઆલમાં પાંચનાં ટકોરા થયાં એટલે પદ્મણી તુરત ગાતી બંધ પડી, અને પલંગપરથી નીચે ઉતરી પાણીનાં બંબ આગલ આવી બંબ છોડી જોયું કે પાણી ગરમ આવેછે કે નહીં પણ જેવું જોઈએ તેવું તઇઆર થઇ રહ્યું હતું. નાહવા બેસવાનો વિચાર કરયો ટેબલનાં ખાનાંમાંથી સાબુ કાડી ચોકડી આગલ આવી, એક સાધારણ લુગડું ચોકડી પાસેનાં ગોખલામાં મુકી, નાહવા બેઠી.

આસરે અડધો કલાક ગુજરી ગયો પણ બાઈ સાહેબ! ચોકડી માંથી ઉઠેજ શાના! ગરમ પાણી રેડી રેડી આંગ એક રાતા રંગની માફક બની ગયું, કપાલ એક આરસીની માફક તેજ મારવા લાગ્યું અને ગાલની ઉપરતો જાણે બે ગુલાબજ તાંગી દિધાં હોય એમ દિસવા લાગ્યું.

બરાબર ૭ વાગતાં નાહી ઉઠી બહાર આવી કબાટો ખોલી માંહેથી પચરંગી લુગડાંઓ બહાર કાડયાં અને પોતાનાં આંગપર સજવા લાગી. ઓરડાની અંદર આગળ અને પાછળ આખુ શરિર દેખાય એવાં બે ટકલાંઓ દિવાલ સાથ બેસાડેલાં હતાં. તેની અંદર જોઈ પદ્મણી પચરંગી પોષાકોની તરાશ કરતી હતી, પણ છેવટે કાલા રંગ શિવાય કોઈ બીજો રંગ પસંદ આવ્યો નહીં. કેસેરી જર દીવેલી કાલા રંગની સાડી આંગપર સજી [illegible] વારંવાર ફારી ફારીને જોવા લાગી. ગોરા બદનપર કાલા રંગની સાડી ઘણીજ દીપવા લાગી અને તેજ તેને પસંદ પડી. ઝુલાવર ચોલી ભરત ભરેલી પહેરવા માંડી પણ તે તેને અનુકુલ નહીં પડવાથી ફક્ત સાધારણ સફેદ સાટીનની ચોલી પોતાનાં આંગ સાથ સજી ગઈ અને તે વધુ દીપવા લાગી. [illegible] પગમાં મેલી આછો સાધારણ ક

ગળામાં એક પારસીશાહી ઘાટની સાંકળી નાંખી દીધી. માથામાં અત્તરની સાથે ચાક બેસાડી દીધાં અને પગમાં રેશમી મોજાં ચડાવી રેશમની ભરેલી સપાટ પેહેરી, હસતે ચેહરે તકતાં સામું એક રંગાએલી ખુરશીઉપર બેઠી. "વાહ ! આજનો મારો દેખાવ તો ઠીક જણાયછે, એમ મારી મનકમળ પોતાની સાક્ષી રજુ કરેછે તો હું તે કેમ નહી કબુલ કરૂં." ઘડીયાળ સામુ જોઇ "ઓ મા ! સાતમાં દશ કમ, મારી વ્હાલીઓ હવે આવ્યામાં ખરી મારો ગાડી વાળો પણ હજુ આવ્યો નહીં, પણ મારાને સાત વાગ્યાની વરદી આપીછે તે હમણાં ક્યાંથી આવે ?" નીચે સ્વરે રાઘુને બોલાવ્યો અને તબેલામાં મોકલી ગાડી લાવવાને તાકીદ કરી.

"સાતના ટકોરા થયાં હજુ કેમ નહી આવીઓ હશે" પદમણી ફીકરમાં પડી "શું મારી આશા ભંગ થશે? શું તેનાં ઘરમાંથી આવવા માટે રોકશે? નહીં નહીં પણ તે બાપડી ઘરમાંથી નીકળી એક એકને તેડી આવશે એટલે વારતો લાગેજ લાગે. ઓહો, એમાં શું ! ઘડી મોડું કે ઘડી વેહલું એજ કેની !"

સાત વાગ્યાં હતાં તેટલે પદમણીની સખિઓ આવી પોહતી તેથી જરા ઉમંગે કચવાટ લાગ્યા. ગળાનું પાણી ઉતરવા માંડ્યું અને મોહડાનો રંગ ફીકો થયો. પણ શાંતાબેન અને સોનાબેન નંદા, ગુલાબ અને રૂક્ષમણી આતી ઉતાવળે પદમણીનાં ઓરડામાં દાખલ થઈ.

"હા ! મારી વ્હાલી સખી !" પદમણી નંદાને બાઝી પડી.

"લો, ચાલો હવે, ઉતાવળ કરો ?" ગુલાબે કહ્યું.

"બેન આ તમારી વારે વારહુંતો ક્યારની તઈયાર થઈ બેઠીછું અને હમણાં રાઘુને તબેલે ગાડી લેવા મોકલો છે તે હમણા આવશે કે જઇએ જરા બેસોતો ખરાં ?"

રાઘુ તબેલેથી ગાડી જોડાવી બાઈ પાશે આવ્યો.

"કેમ ગાડી આવીકે ?" પદમણીએ પૂછ્યું.

"હા, બાઈ !" રાઘુએ કહ્યું.

"આજે બધ તું હમારી સાથે આવ અને ગાડીની અગાડી બેસી જજે હ ! ચાલો ઉતરો હવે ?"

ત્યારે અપ્સરાઓ જેવું સખિઓનું ટોળું નીચે આવ્યું અને એક પછી એક ગાડામાં બેઠી, એટલે ગાડી કતારગામને રસ્તે પુરપાટ હાંકી મુકી.

પ્રકરણ-પાંચમું.

દોહરો.

પ્યારે! દુ:ખ પામે અતિ, પ્યારે! સુખને શાન;
પ્યારે! નર પીડે સદા, પ્યારે! ઝાંઝું માન.

સૂર્યપૂરથી કતારગામ આશરે અઢી માઈલને છેટે આવેલું એક રળિયામણું અને શુ-સોભિત ગામડું છે. ત્યાં આગળ સારાં સારાં દેરાંઓ અને માહાદેવની મૂર્તીઓ બીરાજેલી છે, જ્યાં સૂર્યપૂરનાં તમામ હિંદુલોકોને શ્રાવણમાસમાં દરશને જવા માટે ઘણોજ હર્ષ રહેછે અને સ્ત્રી પુરૂષોથી ભારે ઠઠ ભરાઇ એ માસના દરેક સોમવારે મેળો ભરાવવાનો સમાગમ કાયમ પ્રકારથી એ ગામમાં બને છે.

બંગલાવાડી કતારગામમાં નોહતી, પણ કતારગામથી અડધો માઈલ પાછું વળતા ડાબી બાજુએ આવેલીછે. એ વાડીમાં ફકત એકજ જુનો બંગલો હતો, પણ શેઠ નગીનદાસે તેની પછાડી પુરતું નાણું ખરચી સોભાયમાન બનાવી દીધો. વળી ફળ, ફુલ અને પરચુરણ રકમોનાં અમુલ્ય છોડોની વરતી વધારી, આખી વાડી ગુલજાર જેવી કરી મુકી હતી. એ વાડીની માંવજત છીબકો નાંમનો એક કંગાલ દુબલો સારી રીતે કરતો હતો, અને વાડીમાંજ એક છાપરી અંદર પોતાનાં કુરકુરયાં જેવાં બચ્ચાંઓ સાથ આંનદથી રહેતો હતો.

* * * * * *

કતારગામનો રસ્તો પંદર મીનીટમાં પસાર! ગાડી આવી પોહોચી, અને ચારે સખીઓ એક પછી એક ઉતરી વાડીમાં દાખલ થઇ. પાસેની છાપરીમાંથી દુબલો બ્હાર નીકળી "બાઇ સાબ! બાઇસાબ!!" કરતો કંગાલ ચ્હેરે પાસે આવ્યો.

"લે બંગલો ઉઘાડી અંદરથી સાફ કર?" પદમણીએ કુસીનો ઝુમખો કમરેથી કાંડી આપી કહ્યું.

"અચ્છુ છારૂં બાઇ"

"જો અંદરથી બરાબર સાફ કરજે?" નંદાએ મોટાઇમાં કહ્યું.

"ચાલો એટલીવાર જરા વાડીમાં ફરીએ?" ગુલાબ બોલી.

"હા ચાલો?" પદમણીએ કહ્યું.

ચારે સખીઓનું ટોળું વાડીમાં ફરવા લાગ્યું. નંદા વાડીનો ઝાડ-પાડ જોઈ ખુસીમાં [illegible] રંગબેરંગી ... બોલાવી ... જોઈ લલકારવા [illegible]

(રાગ—મેતાવતી માતા નીર ભર્યોરે તારા નેનમે.)

નંદા—પદ્મમણી પ્યારી, ખીલી વાડીરે આપણ કારણે,
ગુલાબ-વિણો ફુલ પ્રિતેથી, ગુંઠી તોરણુરે બાંધો બારણે.

રૂ૦—જાઇ જુઇને ચંબેલી બેની, વીણી લાવો મુજ પાસ,
ગુંઠી હું આપું હાર સોભિતાં, જેમાં છે સુંદર વાસ.—પ૦

પદ૦—સાંભળો પ્યારી સખિયો મારી, જુવો ગુલાબનો છોડ,
નામ છીણવી લીધું સખીનું, બેન ગુલાબ તારી જોડ.—વિ૦

નંદા—એખશી વિણું કેમ સખિ હું, હાર કરવાનાં ફુલ;
સઘલી વિણવા લાગો શાથે, આજ કરવું છે મુલ—પ૦

ગુલાબ—પદ્મમણીનાં પ્યારાને માટે, રૂક્ષમણી કર તું હાર;
નાંખીશ મારા હાથે ગલાખાં, હું છું કુવારી નાર—વિ૦

રૂક્ષ૦—કરીશ ન્યારા હાર સોભીતા, ગુંઠી બેરંગી ફુલ.
વહેલાં વિણો સરવે બ્હેનો, પેલી જાઇની ઝુલ—પ૦

પદ૦—બસ કરો બેનો બહુ થયાં છે, ફુલ ઝાઝા છે ત્યાંય;
ઘટેતો આવો લેવા ફરીથી, જશે નહીં ઉડી ક્યાંય—વિ૦

નંદા-ચાલો, ત્યારે સખિયો મારી, જઇએ બંગલામાં બેન;
ખુશી ખીલી ખુબ અંગે પદ્મમણી, મુજને મળે બહુ ચેન—પ૦

ગુલાબ-જો, જો, સખી મેં સૌના કરતાં, વિણ્યાછે ફુલ અપાર,
જોબનવતી પદ્મમણીને. પહેરાવો દિપતો હાર—વિ૦

સામસામી સવાલ જવાબ આપતું આ કુશળ ટોળું બંગલામાં આવ્યું સવારનો પોહોર અને સણગાર સજેલી અબળાઓ ખુબ મદનનાં જોરપર ચડી, એક એકની મશ્કરી કરવા લાગી ઓ, આ ચારોમાં નંદા જરા મોટી અને દક્ષાપણવાલી હતી, તેથી તે ખીજવાઈ જોસ્સામાં બોલી.

"જાવ ! જાવ !! બળ્યું તમારૂં હસવું, એવાં ટોલ ટપ્પા કરવામાં શું વલવાનું છે એમ જાણ્યું જે નવ વાગશે રાંધવાનું કરો! આમ શું મારી બાઈ ! હમણાં પ્રાણલાલ આવીને ઉભા રહેશે પછી શું કરશો ! જા રૂક્ષમણી તારા હાર બાર ગુંઠવા હોય તે તૈયાર કર ! ચાલો હુંને ગુલાબ એમ જાણ્યું કે રશોઈ કરી બાહર આવિયેજ !" નંદાએ આંખ ફેરવી અને રશોડાની ઓરડીમાં ગુલાબને સાથે લઇ રશોઇ કરવા ગઈ.

રૂક્ષમણી સઘલી જાતનાં ફુલોની ટોપલી લઈ એક ઓરડીમાં હાર બનાવવા લાગી. તેની પાછળ પદ્મમણી ગઈ અને રૂક્ષમણીની પાસે બેસી ફુલોનાં ડીચાં તોડવા માંડયાં.

[illegible] પોષાક [illegible] તુરત છંટકાવમાં ગરકાવ
[illegible] બેસી સાડા

નવ કલાકે ઘરમાંથી નીકળ્યો. આસ્તે આસ્તે હવેલોર ગાડી ચલાવી બરાબર દસમાં દસ કમે બંગલા વાડીની મુલાકાત લીધી. વાડીનાં બંને દરવાજા ખુલા હતા જેથી એક બારે ગાડી વાડીમાં દાખલ કરી. ગાડીનાં ખખડાટથી નંદા સાથે બેન ગુલાબને સાથે તેડી બારી આગળ આવી ઉભી. પ્રાણલાલે ઘોડાની લગામ નોકરનાં હાથમાં આપી દાદરપર ચઢવા લાગ્યો.

"એ તમે કોણ છો કે એક દમ ગાડી વાડીમાં લાવી ઉપર ધસ્યા આવોછો જાવો બહાર?" નંદા આવા લતકાથી પ્રાણલાલનું પાણી જોવા બોલી.

આવાં તુચ્છકાર ભરેલા શબ્દોથી પ્રાણલાલનું મોહડું ઉતરી ગયું અને નંદાની સામું જોતો વિચારવા લાગ્યો, પણ નંદાની પાછળ ગુલાબ ઉભેલી હતી તેનું મોહડું તેને પદમણી જેવું લાગ્યું સાથ હસતી જોઈ કે પ્રાણલાલ ચેતી ગયો અને ધોકારે ઉપર ચઢી એક સીશમની ખુરસી ખેંચી નીરાંતે બેઠો. ગુલાબ નંદા પાસેથી ખસી કોચપર સરમાતી બેઠી.

"પ્રિય! પ્રાણલાલ માફ કરજો મારી મોટી ભુલ થઈ છે." નંદા હસતે મોહડે પાસે આવી બોલી.

"નહીં, તેની કંઈ ચિંતા નહીં." હાલકે મોહડે જવાબ આપ્યો.

કોચપર ગુલાબ બેઠી હતી. પ્રાણલાલની કાન્તી, બોલવાની સભ્યતા, અને બેસવાની લઢણ જોઈ દંડીગાર બની ગઈ. કપાલપર પસ્સેવાની શેરો ફુટવા માંડી "આહા! આવા પુરૂષની હુંજ પ્રિયા થાઉં તો કેવું?" એમ દિલવિષે વીચારવા લાગી.

નંદાએ પાણી જોયું, પણ ઉપર જાવ્યાં કે સ્તબ્ધ બની ગઈ એક સવાલ કરતાંમાંતો જીભ ખેંચાઈ. કેતુરત ત્યાંથી પાછી ફરી પદમણી પાસે આવી.

"બેન તારાં પ્રિયનું પાણી જોયું? તે આપણી ચારેનું જોઇ નાંખે એવાંછે, માટે હવે જમવા ઉઠાડું છું? અને તારે હાથેજ પીરસજે, હમે કોરે રહીશું."

રસોઈ કરવાની ઓરડીમાંથી નંદા બહાર આવી ઘણીજ નમનતાઈથી—"પ્રિય! મેહેરબાનીકરી જમવા ઉઠો."

પ્રાણલાલે વિચાર લંબાવી ઉઠવાની આતુરતા જણાવી "ઘણીજ ખુશીની સાથે". ખુરશી ઉપરથી ઉભો થયો અને જે ઓરડામાં નંદા ગઈ હતી ત્યાં પોતે હાવભાવથી પગલાં ભરયાં.

"પ્રિય પધારો?" પદમણી એક સિતારનાં તારે નેત્ર નીચાં રાખી હસતે મોહડે બોલી.

"વહાલી પ્રિયા! આ બધી મારાં માટે ભોજનની ભાંજગડ આવી શું કરવા કરી છે કંઇ [illegible] આવવાનો હતો [illegible]

"આવો કંઇ નહી"

પ્રાણુલાલે [illegible] ઉતારતાં એક પરીના ટોળામાં પેઠો હોય, કે હંસલીના ટોળામાં બેઠો હોય અથવા રંભાઓનાં રાસમાં રમતો હોય, એમ આ વખતે પોતાનાં મન શાથે સમજતો હતો.

પદ્મણીએ [illegible] બે પાટલા ગોઠવી દીધાં, ત્યાં પ્રાણુલાલ [illegible] જઈ બેઠો એટલે તુરત કંસારની પીરશેલી થાલી હરષ ભેર પદ્મણીએ મૂકી [illegible]. પછી પ્યાલાઓમાં ચાર પ્રકારનાં સ્વાદિષ્ટ [illegible] ભરી મૂક્યાં. પ્રાણુલાલને જમવા કરતાં પદ્મણીની હાથ [illegible] અપૂર્વ આનંદ મળતો કેમકે તેની લટક, પગનાં વાગતાં [illegible] અને [illegible]ના શોરથી સ્તબ્ધ બની જતો, વળી પદ્મણી તરફ નજર નાંખી હસતે ચ્હેરે જોતો, તેમ પદ્મણી પણ [illegible] સરમાઇ જતી હતી.

"[illegible] ફંસાર મૂકું ?" પ્યારથી બોલી.

"[illegible] બાત આપેતો હાથ ધોઈ નાંખુ ?"

"[illegible] તારી છું" બણી ખુશીથી બોલાવી મૂકયો.

[illegible] રાખેલાં હતાં. પ્રાણુલાલે હાથ મો'ડું ધોઇ [illegible] અને [illegible]થી લુગડાં ઉતારી પેહરયાં હવે શું કરવું [illegible] નહીં. પદ્મણી પાસે આવી—"પ્રિય! બાહર [illegible]?"

"[illegible] ખુશીથી વ્હાલી ! પણ પ્રિયા ! હવે આપણા બોલેલા બોલનો વિચાર શું કરશે, અને તારો આનંદી પ્યારા મને આપવા માટે તારી [illegible] શું કહી શકે છે?"

"પ્યારાં ! આજથી તમારે એમતો નક્કીજ સમજવું કે તમારા શીવાય કોઈ પણ પુરૂષને વરવા માટે કદીપણ લગ્નચાઈશ નહીં, વળી [illegible]ની સાથે મારો વિચાર થયો હતો પણ આપનો [illegible] જોઇ હું તેને ધીક્કારૂં છું. ચીઠી લખીછે અને તે ચાર [illegible] પણ મારૂં મોહડું દેખાડનારજ નથી. મારી સખીઓ [illegible] તેને સમજાવી કાહાડશે, એટલે કંઈ ફીકર જેવું નથી.

રસોઈની ઓરડીમાંથી પ્રાણુલાલ બ્હાર આવ્યો, અને તેની પછાડી પદ્મણી પણ આવી. રૂક્ષમણીનાં બનાવેલા હાર ગુલાબ લઇ ને બેઠી હતી. [illegible] પાનના બીડાં તઈયાર કરયાં હતાં, તે ઉઠી અને પ્રાણુલાલને આપ્યાં. ગુલાબ સરમાતી પ્રાણુલાલ પાસે આવી, [illegible]

[illegible]સ્તી ! હસતી ! હાથ ઉપર

ખુશીનો પાર રહ્યો નહીં. એક દોઢશેરનાં વજનનો હાર ગુલાબનાં હાથે પ્રાણલાલનાં ગલામાં પડતાંજ ધ્યાન ખેંચાયું અને ગુલાબ તરફ જોવા માંડયું—"ઓહો હો! આ પ્યારી તો કંઈ પદમણીને વિશરાવે એવીજ જણાયછે." મનસાથે કહેવા લાગ્યો, અને દિલને દબાવ્યું. પણ આગલા વિચારે તેને સાવધ કરયો અને ઉઠવાની સમજ આવી—"ઝાઝો વખત ત્યાંજ ચોંટીને બેસી રહેવું એ મૂર્ખની મતી છે, માટે હવે આ સ્ત્રી મંડળમાંથી છુટા પડી ઘરનો રાહ પકડવો એમાં આપણી શોભાછે." એવો ખ્યાલ લાવી તુરત પ્રાણલાલ ખુરશીપરથી ઉભો થયો.

પ્રથમ ભાગ શમાપ્ત.

બીજા ભાગનાં ગ્રાહક થનારે સુરત કીનારીબજારમાં સુખડીઆ અંબારામ હરજીવનદાસને ત્યાં પૈસાભરી નામ નોંધાવવાં.

આગલથી ગ્રાહક થઈ આસરો આપનાર ગ્રહસ્થોના નામ.

૨૦૦ કુબેરદાસ વનમાલીદાસ મોદી. અમદાવાદ.
૧ છોટાલાલ ઇશ્વરલાલ દીવાન. (મુંબઈ)
૧ રૂઘનાથદાસ પરમાનંદ. ”
૧૦૦ છોટાલાલ દાજીભાઇ, કતારગામ.
૧ નાગરજી નીછાભાઈ દેસાઇ, કતારગામ.
૧૫૦ મગનલાલ દામોદરદાસ—વડોદરા.
૫૦ અંબારામ હરજીવનદાસ, સુખડીઆ. સુરત.
૨૫ એચ. બી. શેઠના. (સુરત,)
૫ ચંદુલાલ ભગવાનદાસ સરાફ. ”
૨ મોતીલાલ ચુનીલાલ સરાફ. ”
૧ ઠક્કર કાશીદાસ ફકીરભાઈ ગાંધી. ”
૧ અનુંપચંદ મોતીચંદ ટોલાટ. ”
૧ નરોતમદાસ હીરાચંદ કાપડીઆ, ”
૧ ગુલાબભાઈ ભીમાભાઇ પટેલ. ”
૧ વાઈ. ક. જેકોબ બુકસેલર, ”
૧ વઇદ ધીરજરામ દલપતરામ. ”
૧ ઠાકોરદાસ નાગરદાસ. ”
૧ જમશેદજી હેરાબજી ચીનાઇ. ”
૧ મનીયાર મુલજી છગન. ”
૧ નાનાભાઇ ઉત્તમચંદ. ”

જાહેર ખબર.

સરવે વાંચનારી શોખીલી પ્રજાને વિનંતીથી અરજ કરવામાં આવેછે કે આ હમારી કોઇપણ પુસ્તકના આધાર શિવાય, ફકત મનશક્તિથી રચેલી "પદમણી" નામની રશીલી બુકનો બીજો ભાગ લખવા માંડયો છે, માટે સરવે વાંચનારાઓને તથા દરેક જનોને જણાવવામાં આવે છે જે આગળથી ઓરડરો આપી નામ નોંધાવવા ચુકશો નહીં.

પેહેલાથી ઘરાક થનારે ફકત બે આના મોકલી આપવા, દેસાવરના ઘરાક થનારા ગ્રહસ્થોએ છ પઇ વધુ મોકલવી.

ચોપડીની કીમત ચાર આના રાખવામાં આવશે અને તે [illegible] થઇ કરનારને ત્યાંથી મળશે.

ગુલાબદાશ દયારામ મેહેતા.

નાણાવટ—સુરત.

હમારી બુકો મળવાનાં ઠેકાણાં.

મુંબઈ—નળબજાર હિંદુપ્રકાસ પ્રેસની સામે લલુભાઇ ઘીકલદાશ અત્તરવાલા પાસેથી મળશે.

સુરત—એમ. જે. પોરટવાલા પાસેથી તથા એનાં પ્રસિદ્ધ કરનાર પાસેથી મળશે.

અમદાવાદ—કુબેરદાસ વનમાલીદાસ મોદી સાંકડીશેરી

અજબ! અજબ! અજબ!

દરમાસની પેહેલીએ બહાર પડતું માસિક.

લવાજમ વરસે રૂ. ૦ા—ટપાલ શુધાં રૂ. ૦ાા

(જે [illegible] એક આગાઉ આપવો જોઇએ.)

આ માસિકમાં વારતાઓ, નસિયત નિબંધો, નાટકો ગાયનો રમુજ ટુચકાઓ, વર્ણદ્રવિષયો, તથા તરેહવાર જ્ઞાન સાથ ગમત આપે એવા સંશકૃત શ્લોકોના ગુજરાતી અરથ સાથે સમજાવવામાં આવે છે તે ઉપ્રાંત ફુરસદને વખત ગમત પડે એવી ઇનામની બાજી ઓ મુકવામાં આવેછે.